RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 198, Dt.08-11-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કસ્ટમ એક્ટ હેઠળ DRIને નોટીસ ઈસ્યુ કરવાની સત્તાઃ સુપ્રીમ

## રૂા.૨૩ હજાર કરોડની રીકવરીનો માર્ગ ખુલ્લો કરતી કોર્ટઃ અનેક મલ્ટીનેશનલ કંપનીઓને અપાયેલી નોટીસ મુદ્દે ચાલી રહેલા કાનૂની જંગમાં નાણાં મંત્રાલયને મહત્વની સફળતા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સર્વોચ્ચ અદાલતે આજે એક મહત્વના ચૂકાદામાં ડીરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલીજન્ટની કસ્ટમ એક્ટ હેઠળ નોટીસ મોકલવાની સત્તા હોવાનું જણાવીને વેદાંતા વોડાફોન-આઈડીયા, અદાણી એન્ટરપ્રાઈઝ તથા સોની, સેમસંગ અને કેનોન સહિતની કંપનીઓને રૂા.૨૦ થી ૨૩ હજારની કસ્ટમ ડ્યુટી અંગે અપાયેલી નોટીસને માન્ય રાખી હતી. સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય. ચંદ્રચૂડના વડપણ હેઠળની ખંડપીઠે જણાવ્યું હતું કે કસ્ટમ એક્ટ હેઠળ ડીઆરઆઈ અધિકારીઓને આ પ્રકારની નોટીસ મોકલવાનો અધિકાર છે. છેક ૨૦૦૬માં પાઠવાયેલી નોટીસનો વિવાદ સુપ્રિમમાં ચાલી રહ્યો હતો. ૨૦૨૧માં સુપ્રિમ કોર્ટે જે ચુકાદામાં ડીઆરઆઈની સત્તાઓને મર્યાદિત કરી હતી. જો કે તેની સામે કેન્દ્ર સરકાર સુપ્રિમમાં રીવ્યુ પીટીશન કરી હતી.જણાવ્યું હતું કે આ પ્રકારે ૮૦૦ જેટલા કેસોમાં અપાયેલી નોટીસ પેન્ડીંગ છે અને ૨૦ થી ૨૩ હજાર રૂપિયાની રીકવરીની પ્રક્રિયા થઈ શકતી નથી. સુપ્રિમ કોર્ટે આજે ચુકાદામાં ડીઆરઆઈની સત્તા માન્ય રાખતા હવે અગાઉની તમામ નોટીસો પણ પુનઃ એક્શનમાં આવશે એટલું જ નહીં ડીઆરઆઈને હવે જે અનપેઈડ રીકવરી છે તે વસુલવાની પણ સત્તા મળશે. અગાઉ સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે ડીઆરઆઈએ ટેક્સ ઈન્વેસ્ટીગેશન નોટીસ આપવા માટે યોગ્ય સત્તા ધરાવતી નથી જેના કારણે અનેક કોર્ટ અને ટ્રીબ્યુનલ સમક્ષ પેન્ડીંગ નોટીસો રદ થઈ હતી.૨૦૦૬માં સરકારે ફાયનાન્સ એક્ટમાં સુધારો કરીને ડીઆરઆઈને આ પ્રકારે સત્તા આપી હતી પરંતુ ૨૦૨૧માં તે સુપ્રિમ કોર્ટના ચુકાદાથી રદ થઈ હતી. કેનોન સહિતની કંપનીઓએ આયાત કરેલ માલ પેટે આપવામાં આવેલી નોટીસો ફરી એક વખત સક્રિય થશે.



## DRI અધિકારીઓને શોકોઝ નોટીસ ટેકસ રિકવરીનો અધિકાર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્ર સરકારની એક કાનુની જંગમાં મહત્વની જીત થઈ છે. ડીરેકટોરેટ એક રેવન્યુ ઈન્ટેલીજન્સ (ડીઆરઆઈ)ના અધિકારીઓ કસ્ટમ કાયદા ૧૯૬૨ ની કલમ ૨૮ હેઠળ શોકોઝ નોટીઝ ઈસ્યુ કરવા તથા કસ્ટમ કસ્ટમ ડયુટીની રિકવરી કરવાના અધિકાર ધરાવતા હોવાનો ચુકાદો સુપ્રિમ કોર્ટે આપ્યો છે.

સુપ્રિમ કોર્ટનાં ચીફ જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડના વડપણ હેઠળની બેંચે કેનન ઈન્ડીયાના કેસનો ૨૦૨૧નો ચુકાદો પલટાયો હતો આ સાથે ત્રણ વર્ષથી ૨૨૦૦૦ કરોડની રકમને સાંકળતી સેંકડો પેન્ડીંગ ટેકસ રિકવરી નોટીસો પર ફરી પ્રક્રિયા શરૂ થઈ શકશે. સેમસંગ ઈન્ડીયા, સહીતની કંપનીઓ ડીઆરઆઈ નોટીસનો સામનો કરી રહી છે. આ કંપનીઓને કસ્ટમ ડયુટી ભરવા નોટીસો ફટકારવામાં આવી છે.

સુપ્રિમ કોર્ટે ચુકાદામાં કહ્યું કે કમીશ્નરેટ ઓફ કસ્ટમ ડીરેકટોરેટ જનરલ ઓફ સેન્ટ્રલ એકસાઈઝ ઈન્ટેલીજન્સ તથા કમીશ્નરેટ ઓફ સેન્ટ્રલ એકસાઈઝ તથા અન્ય સમાંતર કક્ષાનાં અધિકારીઓ કાયદાની કલમ ૨૮ હેઠળ શોકોઝ નોટીસ આપવા તથા ટેકસ રીકવરી માટે યોગ્ય અધિકારી છે.

કાનુન નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે સુપ્રિમ કોર્ટનો ચુકાદો કેન્દ્ર સરકારની તરફેણમાં છે.ડીઆરઆઈ જુના પેન્ડીંગ કેસો ફરી સજીવન કરી શકશે.


# સલમાન રશ્દીની નવલકથા ધ સેટેનીક વર્સેજ પર ભારતમાં પ્રતિબંધ દૂર થયો


**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જાણીતા આંતરરાષ્ટ્રીય લેખક સલમાન રશ્દીની વિવાદાસ્પદ નવલકથા નધ સેટેનીક વર્સેજથ પરનો પ્રતિબંધ દૂર થયો છે. દિલ્હી હાઈકોર્ટ સમક્ષ ચાલી રહેલા કેસમાં સરકાર તરફથી એવી રજૂઆત થઈ હતી કે આ પુસ્તક પર પ્રતિબંધ મુકતું જાહેરનામુ ગુમ થયું છે.

તેથી જ હાઈકોર્ટે કહ્યું કે વર્તમાન સમયમાં કોઈ જાહેરનામુ નહીં હોવાથી પ્રતિબંધનો આદેશ યોગ્ય હતો કે કેમ તે નિર્ણય લઈ શકાય નહીં તેથી અમે માની લઈએ કે પ્રતિબંધ મુકતું કોઈ જાહેરનામુ હતું જ નહીં.

તેથી તેના પર કોઈ પ્રતિબંધ રહેતો નથી. ૧૯૮૮ રાજીવ ગાંધી સરકારે સલમાન રશ્દીની આ નવલકથા પર પ્રતિબંધ મૂક્યો હતો






જેમાં ખાસ કરીને મુસ્લિમ સમુદાય અંગે વિવાદ હતો.

પરંતુ તેને પડકારતી રીટ અરજીની સુનાવણીમાં હાઈકોર્ટ સમક્ષ જણાવાયું હતું કે, સરકારે જ આ અંગેનું જાહેરનામુ કોઈ હાલ અસ્તિત્વમાં નહીં હોવાનું જણાવ્યું છે. પાંચ નવેમ્બરથી પ્રતિબંધ રહેતો નથી તે નિશ્ચિત કર્યું છે.

સરકારી વેબસાઈટ પર આ પ્રતિબંધ અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી.

આમ એક વખત વિવાદમાં રહેલી નવલકથા હવે ભારતમાં ઉપલબ્ધ બની જશે તે નિશ્ચિત છે. જો કે ત્યારબાદ સલમાન રશ્દીના અનેક પુસ્તકો પ્રસ્તુત થયા છે. ભારતીય મૂળના બ્રિટીશ લેખકને બુક્સ પ્રાઈઝ પણ મળી ચૂક્યા છે.

# શિવ નાદર દેશનાં નંબર-૧ દાનવીર, અંબાણી બીજા : બજાજ ત્રીજા ક્રમે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઈંઈક્ના સહ-સ્થાપક શિવ નાદર દેશના સૌથી મોટા પરોપકારી છે. શિવ અને તેમના પરિવારે ગયા વર્ષે એટલે કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૨,૧૫૩ કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું. એટલે કે રોજના ૫.૯૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા. આ માહિતી એડલગિવ હુરુન ઈન્ડિયા ફિલાન્થ્રોપી લિસ્ટ ૨૦૨૪માં આપવામાં આવી છે.

ગુરુવાર, ૭ નવેમ્બરના રોજ જાહેર કરવામાં આવેલી આ યાદીમાં નાદર પરિવાર ટોચ પર છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને તેમનો પરિવાર બીજા ક્રમે છે. અંબાણીએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૪૦૭ કરોડ રૂપિયાનું દાન કર્યું હતું. બજાજ પરિવારે ૩૫૨ કરોડ રૂપિયાનું દાન આપીને યાદીમાં ત્રીજું સ્થાન મેળવ્યું છે. આ ૨૦૨૩ કરતાં ૩૩% વધુ છે.

દાતાઓની યાદીમાં ટોચની ૧૦ હસ્તીઓએ કુલ રૂ. ૪,૬૨૫ કરોડનું દાન આપ્યું છે, જે યાદીમાંના કુલ દાનના લગભગ ૫૩% છે. યાદી અનુસાર, અદાણી, અંબાણી, બિરલા સહિતના ઘણા અબજોપતિઓની કુલ રકમ ઉમેરીએ તો પણ નાદરની દાનની રકમ તે બધા કરતાં વધુ છે. ઓટોમોટિવ અને ફાઈનાન્સ સેક્ટરના બિઝનેસમેન બજાજ પરિવારે ૩૫૨ કરોડ રૂપિયા દાનમાં આપ્યા છે, જે વાર્ષિક ધોરણે ૩૩ ટકાનો વધારો છે. આ કુટુંબ ત્રીજા ક્રમે હતું. કુમારમંગલમ બિરલા અને તેમનો પરિવાર ૩૩૪ કરોડ રૂપિયાના દાન સાથે ચોથા ક્રમે છે.ક્રિષ્ના ચિવુકુલા અને સુસ્મિતા અને સુબ્રતો બાગચીએ યાદીમાં ૭મું અને ૯મું સ્થાન મેળવ્યું છે. ટોચના ૧૦ પરોપકારીઓમાંથી ૬એ તેમના ઈજ્છ (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) હેઠળ શિક્ષણ માટે વધુ નાણાં આપ્યા છે.

યાદીમાં યુવા દાતાઓમાં એશિયન પેઈન્ટ્સ સાથે સંકળાયેલા ૩૫ વર્ષીય વિવેક વકીલ સૌથી યુવા દાતા છે. તેણે ૮ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. તે જ સમયે, ઝેરોધાના સહ-સ્થાપક નિખિલ કામથ (૩૮), જે ગયા વર્ષે (૨૦૨૩) સૌથી યુવા દાતા હતા, આ વર્ષે ત્રીજા સ્થાને આવ્યા છે. નિખિલે તેના ભાઈ અને ઝેરોધાના સીઈઓ નીતિન કામથ (૪૫) સાથે મળીને ૧૨૦ કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું.

હુરુનની યાદી અનુસાર, ૨૦૩ વ્યક્તિઓ એવા હતા જેમણે ૫ કરોડ રૂપિયાથી વધુનું દાન કર્યું છે. ૧,૫૩૯ લોકોની કુલ સંપત્તિ ૧,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ હતી. તેમની કુલ સંપત્તિમાં ૪૬ ટકાનો વધારો થયો છે.



૩.૧૪ લાખ કરોડની સંપત્તિ સાથે નાદર શ્રીમંતોની યાદીમાં ત્રીજા ક્રમે છે. જ્યારે અદાણીની સંપત્તિ ૧૧.૬ લાખ કરોડ રૂપિયા અને અંબાણીની સંપત્તિ ૧૦.૧૪ લાખ કરોડ રૂપિયા છે.

શિવ નાદર અને પરિવાર ૨,૧૫૩ કરોડ, મુકેશ અંબાણી અને પરિવાર ૪૦૭, બજાજ પરિવાર ૩૫૨, કુમાર મંગલમ બિરલા અને પરિવાર ૩૩૪, ગૌતમ અદાણી અને પરિવાર ૩૩૦, નંદન નીલેકણી અને પરિવાર ૩૦૭, ક્રિષ્ના ચિવુકુલા ૨૨૮, અનિલ અગ્રવાલ અને પરિવાર ૧૮૧, સુષ્મી અને સુષ્મી ૭૯. રોહિણી નિલેકણી ૧૫૪ કરોડનું દાન આપ્યું હતું.

# છઠ પૂજાએ અર્થતંત્ર ને આપ્યો બુસ્ટર ડોઝ : માત્ર ચાર દિવસમાં ૧૨,૦૦૦ કરોડનો બિઝનેસ !

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

એક સમયે પૂર્વનો તહેવાર ગણાતો છઠનો તહેવાર હવે જોરદાર રૂપ ધારણ કરી રહ્યો છે. માત્ર દિલ્હી એનસીઆરમાં જ નહીં, તમે મુંબઈ, ચેન્નાઈ, બેંગલુરુ, હૈદરાબાદ, કોલકાતા જેવા મેટ્રોપોલિટન શહેરોમાં પણ છઠ પૂજા થતી જોશો. પૂર્વના લોકો વિદેશમાં પણ છઠ્ઠી મૈયાની પૂજા કરી રહ્યા છે. તેના સ્વભાવને એ હકીકત પરથી સમજી શકાય છે કે આ વર્ષે આ તહેવાર પર ૧૫ કરોડથી વધુ લોકોએ આ પૂજામાં ભાગ લીધો છે. તેમજ આ પ્રસંગે લગભગ ૧૨,૦૦૦ કરોડ રૂપિયાનો બિઝનેસ કરવામાં આવ્યો હતો. વાસ્તવમાં, આ વર્ષે છઠ પૂજા ૫ નવેમ્બર ૨૦૨૪ ના રોજ નાહાય-ખેથી શરૂ થઈ છે. પરંતુ અત્યાર સુધી આ પૂજા ઘરોમાં જ થતી હતી. આજે ઉપવાસ કરનાર અને તેના પરિવારના સભ્યો ઘરની બહાર નદી કે તળાવના કિનારે અસ્ત થતા સૂર્યને અર્ઘ્ય અર્પણ કરશે. ત્યારે વિશ્વ આ ઉત્સવ મનાવતો જોશે. આ પછી સવારે ઉગતા સૂર્યને અર્ઘ્ય ચઢાવવામાં આવશે. આ પછી આ પૂજા પૂર્ણ થશે. ચાર દિવસીય છઠ પૂજા તહેવાર દરમિયાન, બિહાર, ઝારખંડ અને પૂર્વ ઉત્તર -દેશ અને દેશના અન્ય રાજ્યોમાં સ્થાયી થયેલા પૂર્વાંચલના લોકો ખૂબ જ ઉત્સાહિત છે. એક અનુમાન મુજબ, આ વર્ષે દેશભરમાં ૧૫ કરોડથી વધુ લોકો છઠ પૂજામાં ભાગ લઈ રહ્યા છે. કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (ઈઅઈઝ) એ છઠ પૂજાના વેચાણના આંકડા જાહેર કર્યા છે. દેશમાં લગભગ સાત કરોડ રિટેલર્સનું -તિનિધિત્વ કરવાનો દાવો કરતી આ સંસ્થાએ કહ્યું છે કે છઠ પૂજા દરમિયાન દેશભરમાં ૧૨ હજાર કરોડ રૂપિયાથી વધુનો બિઝનેસ થયો છે. ઉલ્લેખનીય છે કે છઠ પૂજાને ભારતની લોક સંસ્કળતિનો સૌથી મોટો તહેવાર માનવામાં આવે છે. દિલ્હીના લગભગ તમામ વિસ્તારોમાં મોટી સંખ્યામાં પૂર્વાંચાલી લોકો રહે છે. તેથી, સેંકડો સ્થળોએ છઠ પૂજા સંપૂર્ણ વિધિ સાથે કરવામાં આવે છે. ચાંદની ચોક, સદર બજાર, મોડલ ટાઉન, અશોક વિહાર, આદર્શ નગર, આઝાદપુર, શાલીમાર બાગ, પીતમપુરા, રાની બાગ, પશ્ચિમ વિહાર, ઉત્તમ નગર, તિલક નગર, કાલકાજી, ગ્રેટર કૈલાશ, પ્રીત વિહાર, શાહદરા, લોની રોડ, લક્ષ્મી દિલ્હીમાં તમે નગર, વિકાસ માર્ગ, યમુના વિહાર, આનંદ વિહાર વગેરેના બજારોમાં છઠની વસ્તુઓ વેચતા જોશો. આજે પણ આ વિસ્તારોમાં લોકો છઠ



પૂજા માટે વસ્તુઓની ખરીદીમાં વ્યસ્ત છે.છઠ પૂજામાં વપરાતી સામગ્રીમાં વાંસનો સૂપ-દૌરી, કેળાના પાન, શેરડી, મીઠાઈઓ, ફળો અને શાકભાજી ખાસ કરીને નારિયેળ, સફરજન, કેળા અને લીલા શાકભાજીનો સમાવેશ થાય છે. છઠ પૂજા નિમિત્તે મહિલાઓ માટે સાડી, લહેંગા-ચુન્ની, સલવાર કુર્તા અને પુરૂષો માટે કુર્તા-પાયજામા, ધોતી વગેરે જેવા પરંપરાગત વષોની ભારે ખરીદી થઈ છે. સ્થાનિક વેપારીઓને તેનો ફાયદો થયો છે અને નાના અને કુટીર ઉદ્યોગોને પણ વેગ મળ્યો છે, જયારે નાના પાયા પર બનેલી ચીજવસ્તુઓ ઘરોમાં મોટી સંખ્યામાં વેચાઈ રહી છે.

# કલમ ૩૭૦ મુદે આજે પણ કાશ્મીર વિધાનસભામાં મારામારી

## ભાજપે કલમ ૩૭૦ને પરત અમલ અંગેના બેનર તથા પ્લેકાર્ડનો વિરોધ કરતા ફરી એક વખત ધમાલ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જમ્મુ-કાશ્મીરમાં નવી રચાયેલી વિધાનસભામાં પીડીપી સહિતના પ્રાદેશિક વિપક્ષોએ કલમ ૩૭૦ના મુદે આજે સતત બીજા દિવસે પણ વિધાનસભામાં ભારે હંગામો મચાવ્યો હતો અને ભાજપે કલમ ૩૭૦ને પરત અમલ અંગેના બેનર તથા પ્લેકાર્ડનો વિરોધ કરતા ફરી એક વખત બન્ને વચ્ચે ગૃહમાં જ આ અમારી અને એકબીજા પર હુમલા થયા હતા.



ગઈકાલની ઘટના બાદ આજે વિધાનસભા ગૃહમાં વધુ માર્શલ તૈનાત કરાયા હતા. પીડીપી અને અન્ય નાના પક્ષોએ કલમ ૩૭૦નો મુદો ઉઠાવતા જ ભાજપના સભ્યોએ વળતા ભારત માતા કી જયના સૂત્રોચ્ચાર કર્યા બાદ મામલો બીચકયો હતો અને માર્શલએ અવામી ઈતેદાહ પાર્ટીના ધારાસભ્ય ખુર્શિદ અહમદ શેખને ખેચીને ગૃહની બહાર કાઢયા હતા.

બાદમાં આ પ્રકારના વર્તનના વિરોધમાં ભાજપના સભ્યોએ થોડી મીનીટ માટે વોકઆઉટ કર્યા હતા.

# નાગરિક બેન્કની ચૂંટણીમાં મામા-ભાણેજ વચ્ચે જામશે કસોકસનો મુકાબલો



(તસ્વીરઃ આનંદ જાવિયા)

## કલ્પકભાઈ મણીયાર સહિતના સંસ્કાર પેનલના ઉમેદવારોએ ફોર્મ ભરતાં ચૂંટણી જંગમાં આવી ગરમી

દેશના સહકારી ક્ષેત્રે પ્રતિષ્ઠીત ગણાતી નાગરિક સહકારી બેન્કમાં પ્રથમવાર સહકાર અને સંસ્કાર પેનલ વચ્ચે ચૂંટણી જંગ જામશે તેવા એંધાણ મળી રહ્યા છે. કલ્પક મણીયાર અને જયોતિન્દ્ર મહેતાની પેનલો દ્વારા કલેકટર સમક્ષ આ અંગે દાવેદારી પત્ર રજૂ કરાયા હતાં. ઉલ્લેખનિય છે કે ગઈકાલે સહકાર પેનલના ૨૧ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતાં. ત્યારે આજે તેઓને લડત આપવા કલ્પક મણીયાર પ્રેરિત બેન્ક બચાવ અભિયાનના પ્રણેતાઓની બનેલી સંસ્કાર પેનલના ઉમેદવારોએ પણ આ ચૂંટણી જંગમાં ઝંપલાવતાં ભાજપ અને સંઘના જ હોદેદારો આમને-સામને આવી ગયા છે. આ ચૂંટણી જંગ મામા-ભાણેજ વચ્ચેના સંઘર્ષનું પરિણામ છે.

# અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીનો લઘુમતિનો દરજ્જો હાલ યથાવત રાખતી સુપ્રિમ

## સાત જજોની ખડપીઠમાં ૪ - ૩ની બહુમતિથી વિવાદ ફરી સુપ્રિમની ત્રણ જજની નિયમિત ખંડપીઠને નિર્ણય લેવા માટે સોંપાયો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશની સૌથી જુની શિક્ષણ સંસ્થાઓમાં સ્થાન ધરાવતી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના લઘુમતિ દરજ્જા મુદ્દે સર્વોચ્ચ અદાલતે ૧૯૬૭ના અજીજ બાશા વિરુધ્ધ ભારત સરકારના ચુકાદાને રદ કરીને આ શૈક્ષણિક સંસ્થાને લઘુમતિના દરજ્જા અંગે હવે ત્રણ જજોની ખંડપીઠને નિર્ણય લેવા જણાવ્યું છે. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય. ચંદ્રચૂડના વડપણ હેઠળની સાત જજોની ખંડપીઠે આજે ૪-૩ની બહુમતિથી આ આદેશ આપ્યો હતો.

ત્યાં સુધી અલીગઢ મુસ્લિમ યુનિ.ની લઘુમતિ સંસ્થા અંગેનો દરજ્જો યથાવત રહેશે. ૨૦૦૬માં અલ્લાહબાદ હાઈકોર્ટે પોતાના એક ચુકાદામાં અલીગઢ મુસ્લિમ યુનિ.ને અપાયેલો લઘુમતિ શિક્ષણ સંસ્થાનો દરજ્જો રદ કર્યો હતો. જેની સામે સુપ્રિમ કોર્ટમાં રીટ થઈ હતી. સુપ્રિમ કોર્ટની ત્રણ જજોની ખંડપીઠે ૨૦૧૯માં તે કેસ સાત જજોની ખંડપીઠને મોકલ્યો હતો.

તે સમયે એવો પ્રશ્ન ઉભો થયો હતો કે શું કોઈ યુનિવર્સિટી જેની રચના સરકાર દ્વારા કરવામાં આવી હોય તે શું? લઘુમતિ સંસ્થા તરીકેનો દાવો કરી શકે? સુપ્રિમ કોર્ટના સાત જજોની ખંડપીઠે તેના પર વિચારણા કર્યા બાદ તા.૧ ફેબ્રુઆરીએ ચુકાદો મુલત્વી રાખ્યો હતો.

હવે આવતીકાલે મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય. ચંદ્રચૂડ નિવૃત્ત થઈ રહ્યા છે તે સમયે તેમના નેતૃત્વની ખંડપીઠે ફરી એક વખત ૪-૩ના નિર્ણયથી સર્જાયેલી



સ્થિતિમાં હવે ત્રણ જજોની ખંડપીઠને નિર્ણય લેવા જણાવ્યું છે.

૧૯૬૭માં અજીજ બાશા વિરુધ્ધ ભારત સરકારના કેસમાં સુપ્રિમ કોર્ટની પાંચ જજોની ખંડપીઠે અલીગઢ મુસ્લિમ યુનિ.નો લઘુમતિનો દરજ્જો રદ કર્યો હતો અને જણાવ્યું હતું કે જે સંસ્થા કેન્દ્રીય કાનુન હેઠળ પ્રસ્થાપિત કરવામાં આવી છે તે લઘુમતિનો દાવો કરી શકે નહીં.

જો કે ૧૯૮૧માં કેન્દ્ર સરકારે યુનિ. એક્ટમાં સુધારો કરીને અલીગઢ યુનિ.ને લઘુમતિનો દરજ્જો ફરી આપ્યો હતો. આમ ફરી એક વખત આ વિવાદ સુપ્રિમ કોર્ટની ત્રણ જજોની ખંડપીઠ નિર્ણય લેશે.

# યાત્રાધામ વીરપુરમાં આજે બીજી દિવાળી...સંત શ્રી જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતી

## જય જલીયાણના નાંદ સાથે હજારો પદયાત્રિઓ વિરપુર પહોચ્યાઃ ઠેર ઠેર માનવ સેવાના કેન્દ્રો, ઘેરઘેર રંગોળીઓ તેમજ વીરપુરના મુખ્ય રસ્તાઓ પર પૂજ્ય બાપાના ફ્લોટ્સ તૈયાર કરાયા

**મુખ્ય સમાચાર, વીરપુર**

ભજન,ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ એવા સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુરમાં આવતી કાલે સંત શિરોમણી જલારામ બાપાની જન્મ જ્યંતી ઉજવાશે,પૂજ્ય બાપાની જન્મ જયંતીને લઈને દર વર્ષે પૂજ્ય જલારામ બાપાની જન્મ જયંતી નિમિત્તે જલા બાપામાં અતૂટ શ્રદ્ધા ધરાવતા ભાવિકો દેશ વિદેશથી ઉમટી પડે છે,

પૂજ્ય જલારામ બાપાના દર્શન કરવા માટે ભાવિકો દૂરદૂર થી વાહનો મારફત તેમજ સાયકલો લઈને તેમજ પગપાળા વીરપુર આવી પહોંચતા હોય છે. જેમાં છેલ્લા પંદર વર્ષથી અવિરતપણે પૂજ્ય બાપાની જન્મજયંતિ નિમિત્તે સુરતના ગભેણી ગામેથી પગપાળા આવતો પદયાત્રીકો તેમજ સાયકલ યાત્રા સંઘ આજે આવી પહોંચ્યો હતો,સુરતના ગભેણી તેમજ ગામના આ પદયાત્રીઓએ વીરપુર પહોંચતા જ વીરપુરની પાવન ભૂમિ પર બેસીને જલારામ બાપાની ધૂન બોલીને પૂજ્ય બાપાના દર્શન કરી જલારામ બાપાને ખાસ પ્રાર્થના કરી હતી,આ સંઘના પરેશભાઈ પટેલે તથા બીપીનભાઈ મોદીએ જણાવેલ કે ૫૦૦ થી વધુ લોકો જેમાં નાના બાળકો સહિત મહિલાઓ તેમજ પુરુષોનો પગપાળા તેમજ સાયકલ યાત્રિકો સંઘ લઈને દિવાળી પહેલા સુરત ઉન ગામ અને ગભેણીથી નીકળ્યા હતા.બાપામાં અતૂટ શ્રદ્ધા અતૂટ વિશ્વાસ ધરાવતા આ પદયાત્રીઓએ જલારામ બાપાની જય તેમજ જય શ્રી રામ ના નારા લગાવ્યા હતા. વીરપુરમાં જાણે બીજી દિવાળી હોય તેમ ઘેર ઘેર રંગોળીઓ તેમજ મુખ્ય રસ્તાઓ પર પૂજ્ય જલારામ બાપાની જીવન ઝાંખી દર્શાવતા વિવિધ ફ્લોટ્સ તૈયાર કરવામાં આવ્યા છે તેમજ અલગ અલગ મિત્ર મંડળો દ્વારા ભાવિકો માટે મફત ઠંડા પીણાં,શરબત,છાશ તેમજ ચા નાસ્તા સહીતના સ્ટોલો ઠેરઠેર કરવામાં આવ્યા છે,પૂજ્ય જલારામ બાપાની ૨૨૫ મી જન્મ જયંતીએ વહેલી સવારે જલાબાપાની જગ્યાના ગાદીપતિ પૂજ્ય રઘુરામબાપા તેમજ પૂજ્ય બાપાના પરિવારજનો દ્વારા પૂજ્ય જલારામ બાપાની સમાધિનું પૂજન





કરશે ત્યાર બાદ શ્રી જલારામ બાપાની આરતી કરવામાં આવશે તેમજ સવારે નવ વાગ્યે મીનળવાવ ચોકથી ભવ્ય શોભાયાત્રા નીકળશે જેમાં ૨૨૫ કિલો બુંદીનાને ગાંઠિયાનો પ્રસાદ વિતરણ કરવામાં આવશે જેની તૈયારીઓના ભાગરૂપે ૨૨૫ કિલો બુંદી ગાંઠિયાના પેકેટ તૈયાર કરી દેવામાં આવ્યા છે,જ્યારે જુના બસ સ્ટેન્ડ ચોક ખાતે યુવાનો દ્વારા ૨૨૫ કિલોની કેક બનાવી ભાવિકોને વિતરણ કરાશે અને પૂજ્ય જલાબાપાની મહા આરતી કરાશે. પૂજ્ય બાપાની ૨૨૫મી જયંતિને લઈને વીરપુરવાસીઓ માં ઉત્સાહ જોવા મળી રહ્યો છે તો દેશ વિદેશ માંથી આવતા લાખો ભક્તો પૂજ્ય જલારામ બાપાને શીશ ઝુકાવીને ધન્યતા અનુભવશે.

# મોરબી મેડિકલ કોલેજના વિદ્યાર્થીએ ટેબલ ટેનિસમાં રાજ્ય કક્ષાએ ગોલ્ડ મેડલ જીત્યો



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી GMERS મેડિકલ કોલેજના પ્રથમ વર્ષ MBBS માં અભ્યાસ કરતા વિદ્યાર્થી વિસ્મય રવીન્દ્રભાઈ ત્રિવેદીએ FIESTA અંતર્ગત વિસનગર મુકામે સમગ્ર ગુજરાતના મેડિકલ સ્ટુડન્ટસ અને ફેકલ્ટી માટે યોજાયેલી ટેબલ ટેનિસ સિંગલ્સમાં ચેમ્પિયન થઈને ગોલ્ડ મેડલ અને ટ્રોફી જીત્યા હતા. તે બદલ મેડિકલ કોલેજના ડિન ડો નિરજ કુમાર બિશ્વાસ, ડો હિરેન સંઘાણી સર, ડો હેમંત મહેતા સર, ડો સંજય વિકાણી સર, ડો ગોવિંદદાસ અકબરી સર, ડો દિપ ભાડજા સર, ડો હાર્દિકા ઉપાધ્યાય મેડમ, ડો દિવ્યેશ વોરા સર સહિતના સમગ્ર સ્ટાફે તથા સ્ટુડન્ટસે અભિનંદન આપી સન્માનિત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે વિસ્મય ત્રિવેદી અગાઉ વક્તૃત્વ સ્પર્ધામાં પણ ચાર વખત રાજ્ય કક્ષાએ ચેમ્પિયન થઈ ચૂક્યો છે.

# વાંકાનેરના લુણસર નજીકથી થયેલ યુવકના અપહરણમાં પોલીસે ત્રણ આરોપીની કરી ધરપકડ

## વાંકાનેર અને હળવદ પોલીસની સતત ૨૦ કલાકની કાર્યવાહીને અંતે અપહ્યુત યુવકને અપહરણકર્તાઓની ચુંગાલમાંથી મુક્ત કરાવવામાં મળી સફળતા

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર તાલુકાના લુણસર ગામ નજીકથી પૈસાની લેતી દેતી મામલે એક યુવકનું સ્કોર્પિયો કારમાં આવેલ ત્રણ શખ્સો દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું, જે મામલે પોલીસ ફરિયાદ થતા વાંકાનેર તાલુકા પોલીસ તથા હળવદ પોલીસે સયુંકતમાં સતત ૨૦ કલાક કામગીરી કરી ત્રણેય અપહરણકર્તા આરોપીઓને સ્કોર્પિયો કાર સાથે વાંકાનેર બાઉન્ડ્રી નજીકથી ઝડપી લઈ અપહ્યુત યુવકને મુક્ત કરાવી પકડાયેલ ત્રણેય આરોપીઓ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા.૦૫ નવેમ્બરની રાત્રીના વાંકાનેર તાલુકાના લુણસર ગામ પાસે રોડ પરથી લીલાભાઈ કાળુભાઈ ભુંડીયા ઉ.વ.૩૫, રહે. મનડાસર જી. સુરેન્દ્રનગરવાળા પોતાની સ્વીફ્ટ કારમાં પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન, ખોડાભાઈ રણછોડભાઈ સેફાત્રા, ગોપાલભાઈ ગેલાભાઈ સેફાત્રા અને મેલાભાઈ હમીરભાઈ સેફાત્રા આ ત્રણ શખ્સોએ તેમની સ્કોર્પિયો કારથી સ્વીફ્ટ કારને ટક્કર મારી કારને અટકાવી. ત્રણે શખ્સોએ લીલાભાઈનું અપહરણ કરીને સ્કોર્પિયો કારમાં નાસી ગયા હતા. ત્યારે આ ગંભીર બનાવ મામલે વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્વરિત કામગીરી હાથ ધરી હતી, જે બાદ વાંકાનેર પોલીસ અને હળવદ પોલીસના સંયુક્ત ઓપરેશન હેઠળ વિસ્તારમાં તાત્કાલિક નાકાબંધી ગોઠવી હતી. આ દરમિયાન વાંકાનેર બાઉન્ડ્રી નજીક ઉપરોક્ત સ્કોર્પિયો કાર નીકળતા તેને રોકી ત્રણેય આરોપીઓ ખોડાભાઈ રણછોડભાઈ સેફાત્રા, ગોપાલભાઈ ગેલાભાઈ સેફાત્રા અને મેલાભાઈ હમીરભાઈ સેફાત્રાને પકડી લઈ ભોગ બનનાર લીલાભાઈને મુક્ત કરાવ્યા હતા, આ સાથે લીલાભાઈએ પોતાની ફરિયાદમાં જાહેર કર્યું હતું કે પૈસાની લેતી દેતી મામલે ત્રણેય શખ્સોએ તેમનું અપહરણ કરી માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.


અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત સનસનીખેજ અને સંદિગ્ધ અપહરણ મામલે સતત ૨૦ કલાક પોલીસે કામ કર્યું હતું. જેમાં આરોપીઓએ ભોગ બનનારનો મોબાઈલ સ્થળ ઉપર જ મૂકી ગયેલ અને આરોપીઓએ પોતાના મોબાઈલ પણ બંધ રાખ્યા હોય, તેમ છતાં વાંકાનેર તાલુકા પોલીસ અને હળવદ પોલીસના સંયુક્ત ઓપરેશનથી અપહરણકર્તા આરોપીઓ અને ભોગ બનનારને શોધી અપહ્યુત યુવકને મુક્ત કરવામાં સફળતા મળી હતી.

# ચેક પરત ફરતાં રાજકોટના અલ્પેશ દોંગાને ૧ વર્ષ ૯ માસની જેલની સજા તથા ૨૫ લાખ ફરીયાદીને છ માસમાં ચુકવી આપવા કોર્ટનો આદેશ

**મુખ્ય સમાચાર વિજય રાડીયા ભાયાવદર**

વિગતવાર ફરીયાદ જોવામાં આવે તો, રાજકોટના રહેવાશી દિલીપભાઈ મનસુખભાઈ સોરઠીયા કે જેઓ અલગ-અલગ મંડળીઓના બચત પ્લાનના મની કલેકશનનું કામ કરી ગુજરાન ચલાવતાં હતાં, તેમની પાસેથી અલ્પશે દોંગાએ મીત્રતના દાવે કટકે-કટકે રૂા. ૨૫,૦૦,૦૦૦/- વગર વ્યાજે હાથ ઉછીના લીઘેલ હતાં અને ૪૮ માસમાં પરત કરી આપવા માટે બાંહેઘરી આપી પ્રોમીશરી નોટ કરી આપેલ હતી. પરંતુ, અલ્પશે દોંગાએ સમય મર્યાદામાં પૈસા પરત નહીં આપેલ અને તે પૈસા પરત આપવા ફરીયાદી દિલીપભાઈને આપેલ ચેક પણ રીટર્ન થતાં ફરીયાદી દિલીપભાઈએ રાજકોટની કોર્ટમાં આરોપી અલ્પશે દોંગા વિરૂઘ્ધ ઘા






નાંખેલ હતી.

નામદાર કોર્ટમાં વિગતવાર કેસ ચાલતાં ફરીયાદીના એડવોકેટ તરફથી પ્રોમશરી નોટ સહીતના પુરાવાઓ રજુ કરવામાં આવેલ તથા મહત્વાના મુદદાઓ અંગે છણાવટપુર્વક દલીલો કરવામાં આવેલ. જયારે આરોપી તેમના બચાવમાં કોઈ પુરાવો રજુ કરી શકેલ નહીં કે ફરીયાદીના પુરાવાઓનું ખંડન પણ કરી શકેલ નહી. જેથી નામદાર કોર્ટે ફરીયાદીના પુરાવાઓ તથા દલીલો માન્ય રાખી આરોપી અલ્પેશ દોંગાને એક વર્ષ નવ માસની કેદની સજા કરવામાં આવેલ તથા ફરીયાદીને ચેક મુજબની રકમ રૂા. ૨૫,૦૦,૦૦૦/- વળતરે પેટે છ માસમાં ચુકવી આપવાનો તથા જો રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સજાનો હુકમ કરવામાં આવેલ. આ કેસમાં ફરીયાદી વતી રાજકોટના યુવા ધારાશાસ્ત્રી શ્રી ડેનીષ એ. સીણોજીયા રોકાયેલ હતાં તેમજ તેમના મદદનીશ તરીકે એડવોકેટ કિંજલ કણજારીયા, સોનાબેન પટેલ તેમજ ગૌરવ જોષીએ મહત્વની ભુમીકા ભજવેલ હતી.

# ઉના નજીક બે પર્યટકો ના ગળે છરી મુકીને ૩ મોબાઈલ તેમજ ૧૧ હજાર લુંટી લેવાયાં

**રિપોર્ટર :- અબ્દુલ પઠાણ ઉના**

દીવ અને આજુબાજુ વિસ્તારમાં પર્યટક સ્થળ આવેલા છે જેને લઈને યાત્રિકો અહીં ફરવા આવતા હોય છે ત્યારે અહીં એક લાલબત્તી કીસ્સો પ્રકાશમાં આવતા પોલીસ પણ ચોકી ઊઠી છે ત્યારે સંપૂર્ણ માહિતીની વાત કરીએ ત્યારે બોટાદ જિલ્લાના સ્વામીના ગઢડાના બે યુવાનો કેન્દ્રશાસિત દીવમાં ફરવા આવ્યા હતા તે લોકોને ડરાવી ધમકાવી ને ખઢેરા રોડ ઉપર મોડીરાત્રે છરી ની અણીયે લુંટ ચલાવી નાશી છુટેલા દેલવાડા અને ચાચકવડ ગામ નાં બે શખ્સો ને ગણતરીના કલાકોમાં પોલીસે ઊઠાવી લીધાં હતાં તેમની પાસે થી મોબાઈલ તેમજ પૈસા કબ્જે કરી લુંટ નો ભેદ ઊકેલી નાંખતા ચક્યાર ફેલાઈ છે પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગત તારીખ ૬ નાં રોજ બપોરના સમયે બોટાદ જિલ્લાના સ્વામી ગઢડા ગામે રહેતા રામભાઈ વાળાભાઈ જોગરાણા તેમજ સ્વામિ ગઢડા નાખોપાળા ગામે રહેતા ભરતભાઈ હનુભાઈ સારીયા બન્ને પિતરાઈ ભાઈ ઓ હિરો હોન્ડા બાઈક નંબર જી જે ૩૩ એચ ૮૮૮૪લઈ દીવ ફરવા આવેલા અને મોડીસત્રી સુધી ફર્યા બાદ આરામ માટે ગેસ્ટ હાઉસમાં રૂમ શોધતાં હતાં પરંતુ ભારે પ્રવાસીઓ ની ભીડ નાં કારણે ભાડાં વધારે હોવાથી એક જગ્યાએ બેસયા હતાં આ દરમિયાન બે અજાણ્યા શખ્સોએ એ બાઈક પર આવી તેમની સાથે ચર્ચા કરી સસ્તા ભાવે રૂમ અપાવી દેવાની લાલચ આપી ગુજરાત ની હદમાં પોતાને એક હોટલમાં રૂમ ભાડે રાખી બે જણાં રહેતાં હોય તે રુમમાં પાર્ટનર



બની સુઈ જવાનું કહીને ભાગે પૈસા આપી દેવાની વાત કરી એક બીજાં ની બાઈક માં બેસાડીને મોડીરાત્રે નાં સમયે નાલીયા માંડવી ગામ નજીક ખઢેરા રોડ પર આવેલી એક હોટલ નજીક અવાવરૂ રસ્તે રામભાઈ વાળાભાઈ જોગરાણા તેમજ ભરત હનુ ભાઈ નાં ગળે છરી મુકીને તેની પાસે રહેલાં ત્રણ મોબાઈલ અને પાકીટમાં રહેલાં રૂપિયા ૧૧ હજાર ની લુંટ ચલાવી ભરતભાઈનું બાઈક આગળ થી લઈ જવાનું કહી નાશી નાશી છુટયા હતા જ્યારે મોડી રાત્રે ભોગ બનેલ બે યુવાનો નાલીયા માંડવી ગામમાં આવ્યા ત્યારબાદ સંપૂર્ણ વાત નાલીયા માંડવીના ગ્રામજનોને કરી ત્યારબાદ નાલીયા માંડવી ગ્રામજનોએ પોલીસનો સંપર્ક કરતા તરત ઘટના સ્થળે પોલીસ દોડી આવી અને સંપૂર્ણ વિગત મેળવી પોલીસે ગણતરીની કલાકોમાંજ લૂંટ કરનાર બે ઈસમોને ઝડપી પાડ્યા કાર્યવાહી હાથ ધરી

# વાંકાનેર તાલુકાના રાજાવડલા અને વઘાસિયા ગામે સરકારી યોજનાઓની જનજાગૃતિ માટે લોકડાયરો યોજાયો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લા માહિતી ક્ચેરી દ્વારા લોકોમાં સરકારી યોજનાઓની જનજાગૃતિ વધે, સમાજમાં સરકારની વિવિધ યોજનાઓનો પ્રચાર પ્રસાર વધે તે માટે વિવિધ લોકડાયરાનું આયોજન કરવામાં આવતું હોય છે. વિવિધ લોક કલાકારોને પ્રોગ્રામની ફાળવણી રાજ્ય સરકારના નિયમાનુસાર કરવામાં આવતી હોય છે.


તાજેતરમાં વાંકાનેર તાલુકાના વઘાસિયા ગામે લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોકડાયરામાં તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા આયોજિત બેટી બચાઓ બેટી પઢાઓ અભિયાન, પરંપરાગત રાસ ગરબા, અનુસૂચિત જાતિ અને અનુસચિત જનજાતિના લાભાર્થીઓ માટે વિવિધ સહાયકારી યોજનાઓ, ગરીબ કલ્યાણ મેળો, પોલિયો નાબૂદી માટે રસીકરણ અભિયાન, આધાર કાર્ડ, આયુષમાન કાર્ડ, આત્મનિર્ભર ભારત, સેવાસેતુ અને એક પેડ માં કે નામ અભિયાન



વિશે લોકોને માહિતગાર કરાયા હતા.

આ ઉપરાંત વાંકાનેર તાલુકાના રાજાવડલા ગામમાં પણ સંતવાણી અને પરંપરાગત રાસ ગરબાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ બંને કાર્યક્રમમાં લોકગીતો, ભજન, નાટક્નો ગ્રામ સરપંચ તથા આજુબાજુના ગામમાંથી પધારેલા લોક પ્રતિનિધીઓ સહિત ૨૦૦ થી વધુ ગ્રામજનોએ આસ્વાદ માણ્યો હતો. કાર્યક્રમના અંતે લોક કલાકાર કિશનભાઈ બારોટને વઘાસિયા ગ્રામ પંચાયત અને રાજાવડલા ગ્રામ પંચાયત દ્વારા પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

# હોટલમાં કામ કરતા બે બાળકને મુક્ત કરાવી બાળ સુધારગૃહમાં ખસેડાયા



જામનગરના ખોડિયારકોલોની વિસ્તારમાં આવેલી ચાની એક હોટલમાંથી ચૌદેક વર્ષની વચના બે બાળક કામ કરતા મળી આવ્યા છે. તે બાળકોને મુકત કરાવી એએચટીયુની ટીમે હોટલના સંચાલક સામે ગુન્હો રજીસ્ટર કરાવ્યો છે. જામનગરના જુદા જુદા વિસ્તારોમાં એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમ દ્વારા કરવામાં આવી રહેલા પેટ્રોલિંગ દરમિયાન ખોડિયારકોલોની નજીક મહાકાળી સર્કલ પાસે એક હોટલમાં બાળમજૂર કામ કરતા હોવાની બાતમી મળી હતી. પીઆઈ વાય.જે. વાઘેલાને વાકેફ કરાયા પછી દોડી ગયેલી એએચટીયુની ટીમે ત્યાં આવેલી જયગોપાલ માલધારી ટી સ્ટોલ નામની દુકાનમાં ચકાસણી કરી હતી.તે દુકાનમાં ચૌદેક વર્ષની વયના બે બાળક કામ કરતા હોવાનું જણાઈ આવ્યું હતું. બંને બાળકોને ત્યાંથી મુક્ત કરાવી બાળ સુધારગૃહમાં મોકલી આપવામાં આવ્યા છે અને એએચટીયુના હે.કો. આર.કે. ઝાલાએ ખુદ ફરિયાદી બની આ હોટલના સંચાલક અને સપડા ગામમાં રહેતા મુન્ના લાખાભાઈ જોગસવા સામે સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજીસ્ટર કરાવ્યો છે.

# જામનગરમાં નુરી ચોકડી નજીક બાવળમાં સંતાડેલ ઈંગ્લિશ દારૂનો જથ્થો મળ્યો



જામનગરમાં દારૂના વધતા જતા ચલણ વચ્ચે વધુ એક વખત દારૂનો જથ્થો ઝડપાયો છે. સીટી એ ડિવિઝન પોલીસ મથકના સર્વેલંસ ટીમ દ્વારા જામનગરની નુરી ચોકડી પાસે બાતમીના આધારે રેડ પાડવામાં આવી હતી. આ દરમિયાન બાવળની કાટમાંથી દારૂનું ૮૬ બોટલ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૪૩ હજારની કિંમતમાં દારૂનો જથ્થો જપ્ત કરી એક આરોપીને પકડી લીધો છે. જેની હાલ સઘન તપાસ ચાલી રહી છે.આ મામલે જાણવા મળતી વિગત અનુસાર જામનગર સીટી એ ડિવિઝન પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો આ દરમિયાન એએસઆઇ રવિરાજસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ વિક્રમસિંહ ભરતસિંહ જાડેજાને દારૂ મામલે બાતમી મળી હતી. જામનગરના નુરી ચોકડી પાસે બાવળની કાંટમાં આરોપી દારૂની બોટલ સગેવગે કરી રહ્યો હોવાની જાણ થતાની સાથે જ પોલીસે દરોડો પાડ્યો હતો. આ દરમિયાન તપાસ હાથ ધરતા શાહનવાજ ઉર્ફે ટોની દિલાવર દરજ્જાદા નામનો ૨૭ વર્ષીય રિક્ષા ડ્રાઇવર પોલીસ ઝપટે ચડ્યો હતો. પોલીસે તલાસી હાથ ધરતા તેમના કબજા માંથી ૪૩ હજાર રૂપિયાની કિંમતની જુદી જુદી બ્રાન્ડની ૮૬ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આથી આરોપી શાહનવાજની પોલીસે વધુ પૂછપરછ આદરી હતી. જેમાં દારૂનો આ જથ્થો તેણે અફઝલ ઉર્ફે ઊંચો નામના ગુલાબ નગરના શખ્સ પાસેથી લીધો હોવાનું સામે આવ્યું હતું જેથી પોલીસે હાલ અફઝલને ફરારી જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.આ કામગીરીમા પીઆઈ એન.એ.ચાવડા તથા પો.સબ.ઈન્સ એમ.એન.રાઠોડ સાહેબ તથા એ.એસ.આઇ રવીરાજસિહ અનીરૂદ્ધસિહ જાડેજા તથા નરેન્દ્રસિહ ખુમાનસિહ ઝાલા તથા પો.હેડ.કોન્સ. મહીપાલસિહ મયુરસિહ જાડેજા તથા સુનિલભાઈ અરજણભાઈ ડેર તથા પો.કોન્સ વિક્રમસિંહ ભરતસિંહ જાડેજા તથા રૂષીરાજસિંહ લાલુભા જોડેજા તથા હરપાલસિહ ભરતસિહ પરમાર તથા પ્રદીપસિહ નીર્મળસિહ રાણા દ્વારા કરવામા આવેલ છે.

# ભેંસાણ પોલીસ સ્ટેશનમાં અરજદારે ફિનાઈલ પી જાહેરમાં આત્મહત્યાનું નાટક કર્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જૂનાગઢ જિલ્લાનાં ભેંસાણ તાલુકા પોલીસ મથકે એક અરજદાર આવી અને અગાઉ અરજી આપેલ હોય તેની રૂબરૂ પોલીસ ઈન્સપેક્ટરને રજૂઆત કરવા આવેલ હતો. પોલીસ સ્ટેશન બહાર નીકળી અને થોડી વાર બાદ ફરીથી પોલીસ સ્ટેશનમાં આવી અને ફિનાઈલનાં કોગળા કરી પોલીસને તેની સત્તાવાર ફરજ નિભાવવા માટે દબાણ કરી આત્મહત્યાનો પ્રયાસ કરતાં પોલીસે તેનાં વિરૂદ્ધ ફરિયાદ નોંધાતા તપાસ શરૂ કરાઈ છે.

ભેંસાણ પોલીસ સ્ટેશન ખાતે અરજદાર મહેશભાઈ સોલંકી અને તેની સાથે એક બહેન આવેલ હતાં. તેમનાં દ્વારા અગાઉ કરેલી અરજી બાબતે પોલીસ ઈન્સ્પેક્ટરને રૂબરૂ રજૂઆત કરવા માટે આવેલ ત્યારે પી.આઈ.ની ઓફીસમાં રજૂઆત બાદ પોલીસ સ્ટેશન બહાર નીકળી ગયા હતા. પછી અચાનક જ ફરીથી



પોલીસ સ્ટેશનની અંદર ઘૂસી અને પોતોનાં હાથમાં રહેલી ફિનાઈલની બોટલ મોંઢે માંડી કોગળા કરી બુમા- બુમા કરી મૂકી હતી. આમ, કરી પોલીસને તેની સત્તાવાર ફરજ નિભાવવા માટે દબાણ કરી અને પોતે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાની ફરિયાદ ભેંસાણ પોલીસ સ્ટેશનનાં અનાર્મ એ.એસ. આઈ. ક્રિષ્નાબા નાનુભા ચૂડાસમાંએ ફરિયાદ નોંધાવી છે. જેનાં આધારે પોલીસે આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહ હાથ ધરી છે.

# જામનગર શહેરમાં બેડી, બેડેશ્વર, સદગુરૂ કોલોની સહિતના વિસ્તારોમાં વીજતંત્રની ટીમ ત્રાટકી

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેરમાં બેડી, બેડેશ્વર, સદગુરૂ કોલોની સહિતના વિસ્તારોમાં વીજતંત્રની ટીમ ત્રાટકી.૩૬ ટીમ દ્વારા આકસ્મિક તપાસણીઃ ૮૬ જોડાણમાંથી ગેરરીતિ મળી આવતા દંડનીય બીલ ફટકારાયા શહેરમાં બેડી, બેડેશ્વર, સદગુરૂ કોલોની સહિતના વિસ્તારોમાં વીજતંત્રની ટીમ ત્રાટકી.પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા હાલારમાં થતી ચોરીને ડામવા વીજ તંત્ર દ્વારા કોર્પોરેટર ચેકીંગ ડ્રાઇવ હાથ ધરીને સમયાંતરે વીજ ચેકિંગ કરવામાં આવે છે. જે અંતર્ગત ગુરુવારે સલાયા ખંભાળિયા જામનગર શહેર જિલ્લા તેમજ તાલુકામાં વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૩૬ ટીમ દ્વારા અલગ અલગ વિસ્તારોમાં ૫૩૧ વીજ જોડાણનું ચેકીંગ કરાયું હતું. જે પૈકી ૮૬ જોડાણમાં ગેરરીતિ મળી આવતા સંબંધિત આસામીઓને રૂ ૫૨.૦૫ લાખના દંડનીય બીલ ફટકારવામાં આવ્યા હતા.વીજ તંત્ર દ્વારા દિવાળી બાદ તરત જ હાલારમાં થતી વીજ ચોરીને ડામવા માટે પુનઃ હરકતમાં આવી છે. તંત્ર દ્વારા કોર્પોરેટ ડ્રાઈવ હાથ ધરીને સલાયા ખંભાળિયાના ગ્રામ્ય વિસ્તાર તાલુકા તેમજ જામનગર જિલ્લાના મોરકંડા ઠેબા હાપા અને જામનગર શહેરના બેડી બેડેશ્વર સદગુરુ કોલોની સહિતના વિસ્તારોમાં વીજતંત્રની ૩૬ ટીમ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. સવારથી સાંજ સુધી




ચાલી રહેલા ચેકિંગની કાર્યવાહીમા ૫૩૧ જોડાણો ની ચકાસણી કરવામાં આવી હતી જે પૈકી ૮૬ જોડાણમાં ગેરરીતિ મળી આવતા સંબંધિત આસામીઓને રૂ.૫૨.૦૫લાખના દંડનીય બીલ ફટકારવામાં આવ્યા હતા.સમગ્ર કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ૧૦ નિવૃત આર્મીમેન અને ૨૦ લોકલ પોલીસ સાથે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.ગત મહિને અઢી કરોડથી વધુ રકમની વીજ ચોરી પકડાઈ.હાલારમાં વીજ ચોરીના દૂષણને દૂર કરવા માટે વીજ તંત્ર દ્વારા સમયાંતરે વીજ ચેકિંગ ની કાર્યવાહી કરવામાં આવે છે જે અંતર્ગત ગત મહિને તંત્રની ટીમ દ્વારા કુલ ૨,૯૭૪ જોડાણો ચેક કરવામાં આવ્યા હતા પૈકી ૪૫૪ જોડાણમાં ગેરરીતિ ખુલતા સંબંધિત આસામીઓને અઢી કરોડથી વધુ રકમના દંડનીય બીલ ફટકારવામાં આવ્યા હતા.

# મોરબીમાં ૨૬ વર્ષથી નાસતા ફરતા લૂંટ/ધાડ કેસના આરોપીને પેરોલ ફર્લો સ્કવોડ ટીમે ઝડપી લીધો



મોરબી જીલ્લાના હળવદ પોલીસ સ્ટેશનના એક જૂના અને ગંભીર લૂંટના કેસમાં છેલ્લા ૨૬ વર્ષથી નાસતા ફરતા આરોપીને કટીયાને પૂર્વ બાતમીને આધારે મધ્યપ્રદેશ રાજ્યના જાંબુઆ જીલ્લામાંથી મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ દ્વારા ઝડપી લઈ હસ્તગત કરી આગળની કાર્યવાહી સબબ હળવદ પોલીસ મથકમાં સોંપવા તજવીજ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર હળવદ પોલીસ સ્ટેશનમાં ૧૯૯૯માં દાખલ થયેલા લૂંટ/ધાડ કેસમાં સંડોવાયેલ આરોપી કટીયા હમીર સિંગાડીયા(એમપી) વાળો આ કેસમાં આરોપી સતત ૨૬ વર્ષથી નાસતો ફરતો હોય જે આરોપી વિશે મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડના હેડ કોન્સ્ટેબલ ભરતભાઈ જીલરીયા, બળદેવભાઈ વનાણી અને કોન્સ્ટેબલ વિક્રમભાઈ રાઠોડને એવી સચોટ માહિતી મળી કે આ ઉપરોક્ત આરોપી હાલ મધ્યપ્રદેશ રાજ્યના નેગડીયા ગામે પોતાના રહેણાંક મકાનમાં રહેતો હોવાનું જાણવા મળ્યું. જેથી બાતમી મળતા જ પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમે સ્થળ ઉપર પહોંચી તપાસ હાથ ધરતા આરોપી કટીયા હમીર સિંગાડીયા(એમપી)વાળો મળી આવતા તેને હસ્તગત કરી હળવદ પોલીસ મથકે સોંપવામાં આવ્યો છે.

# સંત શિરોમણી પૂ. જલારામ બાપાની જન્મ જયંતિની ભકિતસભર ઉજવણી



## રાજકોટમાં બપોરે જલારામ શોભાયાત્રા, રઘુવંશી યુવા ગ્રુપ દ્વારા ઠેર ઠેર મહાઆરતી તથા મહાપ્રસાદ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સંત શિરોમણી, વીરપુરનાવાસી પૂ. જલારામ બાપાની રરપમી જન્મ જયંતીનો સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં અનેરો ધર્મોલ્લાસ છવાયો છે. પૂ. જલારામ બાપાની જન્મ જયંતિ નિમિતે ઠેર ઠેર શોભાયાત્રા, મહાઆરતી, અન્નકૂટોત્સવ, મહાપ્રસાદના આયોજનો કરાયા છે. ભકતોમાં અનેરો ઉમંગ જોવા મળી રહ્યો છે. ભજન, ભોજન અને ભકિતનો ત્રિવેદી સંગમ એવા અને સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ યાત્રાધામ વીરપુરમાં આજે પૂ. જલારામ બાપાની જન્મ જયંતિના દેશ-વિદેશથી હજારો ભાવિકો ઉમટી રહ્યા છે. હજારો પદયાત્રિકો વીરપુર પહોંચીને પૂ. જલારામ બાપાના દર્શન કરીને ધન્ય બની ઉઠયા હતા.

રાજકોટમાં જલારામ જન્મોત્સવ સમિતિ દ્વારા સંત શિરોમણિ પૂ. જલારામ બાપાની રરપમી જન્મ જયંતિ નિમિતે આજે જલારામ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આજે બપોરે ચાર વાગે ચૌધરી હાઈસ્કુલના પટાંગણે સંતો-મહંતોની ઉપસ્થિતિમાં ઉદઘાટન તથા સ્વાગત વિધિ બાદ શોભાયાત્રાનો પ્રારંભ થશે. શોભાયાત્રામાં વીસથી વધારે ફલોટસ સામેલ કરાયા છે.

જલારામ શોભાયાત્રા ચૌધરી હાઈસ્કુલથી પ્રસ્થાન થઈને રાજકોટના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને વિરાણી હાઈસ્કુલના પટાંગણમાં વિરામ પામશે. ત્યાં મહાઆરતી બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

રાજકોટના વિવિધ વિસ્તારોમાં પૂ. જલારામ બાપાની રરપમી જન્મ જયંતી નિમિતે રઘુવંશી યુવા ગ્રુપ દ્વારા સાંજે મહાઆરતી તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

સંત શિરોમણી પૂ.જલારામ બાપાની રરપમી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે આજે સવારે પૂ.જલારામ બાપાની પ્રાતઃઆરતી પ્રારંભ કરવામાં આવેલ. ત્યારબાદ આજે આખો દિવસ પૂ.જલારામ બાપાના દર્શન ભાવિકો માટે ખુલ્લા રહેશે.

## રાજકોટ-ગોંડલ હાઈવે પર ૧૭ દબાણો દૂર કરાયા





**મુખ્ય સમાચાર,રાજકોટ**

દિવાળીનો તહેવાર પૂર્ણ થતાની સાથે જ જિલ્લા કલેકટર તંત્ર દ્વારા દબાણ પર બુલડોઝર શરૂ કર્યું છે. અને કલેકટર દ્વારા જિલ્લામાં રહેલા દબાણો દૂર કરવાની સૂચના આપવામાં આવી છે. જેને લઈ રાજકોટ નજીક આવેલ વેરાવળ ગામે રાજકોટ- ગોંડલ નેશનલ હાઈવેથી નજીક આવેલ સરકારી ખરાબાના જુના સ.નં.૩૦૫ની આશરે ૨૧૦૦ ચો.મી. જમીનમાં થયેલ અનઅધિકૃત વાણિજયક દબાણો આશરે ૧૭ જેટલા આશામીઓએ દબાણ કરવામાં આવ્યા હતા.

જેમાં મોટી દુકાનો તથા અન્ય દબાણો પોલીસ, કોટડા સાંગાણી મામલતદાર જે તે ગુજરાતના અધિકારીઓ અને જેસીબી મશીન સાથે રાખી દબાણો દૂર કરવામાં આવ્યા હતા. દબાણ દૂર કરવામાં આવેલ જમીનની હાલની બજાર કિંમત આશરે રૂપિયા.૧.૨૩ કરોડ જેટલી થવા જઈ છે.દબાણ ખુલ્લું કરવાની કામગીરી મામલતદાર જી.બી.જાડેજા તથા સ્ટાફ દ્વારા દબાણ દૂર કરવામાં આવ્યું હતુ તેમાંજ શાપર પીએસઆઈ જી.બી.જાડેજા અને તેમનો સ્ટાફ કાયદો વ્યવસ્થા જાળવવા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## આધારકાર્ડ કઢાવવા માટે લોકોને પડતી હાલાકી નું તાત્કાલિક નિરાકરણ લાવવા કોંગ્રેસની માગ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં આધાર કેન્દ્ર લોકોનું પીડા નું કેન્દ્ર અને નિરાધાર કેન્દ્ર બન્યું છે. મહાનગરપાલિકામાં નવું આધાર કાર્ડ કેન્દ્ર બનતા તત્કાલીન સમયના મેયર સહિતના પદાધિકારીઓએ જણાવ્યું હતું કે હવે લોકોને આધાર કાર્ડ માટે રાજકોટ મહાનગરપાલિકામાં લાઈનોમાં ઊભું રહેવું નહીં પડે અને વધુ ઓપરેટરો સાથે નવસર્જન કર્યું છે. પરંતુ આધાર કાર્ડ કેન્દ્ર વારંવાર વિવાદનું કેન્દ્ર બન્યું છે અને લોકોને પીડા આપતું નિરાધાર કેન્દ્ર બન્યું છે. આ અંગે આજે શહેર કોંગ્રેસે કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું

જેમાં જણાવ્યું હતું કે કારણ કે રાજકોટ મહાનગરપાલિકાના ૧૮ ઓપરેટરો અને જૂની કલેકટર કચેરીઓમાં ના તાલુકા મામલતદાર કચેરીમાં ઓપરેટરોને સસ્પેન્ડ કર્યા હતા અને રાજકોટની વેસ્ટ ઝોન અને ઈસ્ટ ઝોન કચેરીમાં આધારકાર્ડ અંગેની કામગીરી બંધ કરાતા સેન્ટ્રલ ઝોન કચેરીમાં અપૂરતો સ્ટાફને બદલે રોજબરોજ ભારે અંધાધુંધી અને અરાજકતા સર્જાય છે. દિવાળી પહેલા ઓપરેટરોને સસ્પેન્ડ કરાયા બાદ નવી નિમણૂક અંગે કે સસ્પેન્ડ કરાયેલા ઓપરેટરો અંગે કોઈ ત્વરિત નિર્ણય નહીં લેવાતા મહાનગરપાલિકાની ઓપરેટરોને ચાલુ રાખવાની રજૂઆત હાલ માન્ય રાખવામાં આવી નથી જે પગલે લોકોને ચાર ચાર દિવસે પણ આધાર કાર્ડ અંગેની કામગીરી પૂર્ણ થતી નથી કલાકો સુધી લાઈનમાં ઊભું રહેવું પડે છે.

કોંગ્રેસ સમિતિએ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે રાજકોટ શહેરમાં બેંક, મનપા, પોસ્ટ ઓફિસ સહિત કુલ ૨૫ જગ્યાએ કામગીરી ચાલુ છે પરંતુ રાજકોટ શહેર/જિલ્લાની વસ્તીને જોતા આ ૨૫ આધાર કેન્દ્રો અપૂરતા છે જે પગલે લોકોને હાલાકી ભોગવવી પડતી હોય રાજકોટની તમામ રાષ્ટ્રીયકૃત બેંકો, તમામ વોર્ડ ઓફિસો, મામલતદાર કચેરીઓ, જિલ્લા કલેકટર કચેરી, તમામ આરોગ્ય કેન્દ્ર સરકારી કચેરીઓમાં આધાર કેન્દ્રો શરૂ કરવા જોઈએ જેથી લોકોને પોતાના ઘર પાસે જ બેન્ક કે વોર્ડ ઓફિસે સવલતો મળી રહે અને હાલાકી ભોગવવી ન પડે. જૂના ઓપરેટર અંગેની રજૂઆત હાલ કોઈ નિર્ણય આવેલ નથીઓ તો તાત્કાલિક ધોરણે જાહેરાતો આપી ઓપરેટરો અંગેની ભરતી ત્વરિત થવી જોઈએ. તેમ રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિએ રજૂઆત કરી હતી.






(તસ્વીરઃ આનંદ જાવિયા)

# રાજકોટ સહિત સમગ્ર દેશમાં છઠ્ઠ પૂજાની આસ્થાભેર ઉજવણી







(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત ગુજરત તેમજ દેશના મહત્તમ રાજ્યોમાં છઠ્ઠ પૂજાની બહેનો દ્વારા આસ્થાભેર ઉજવણી કરાઈ હતી. રાજકોટ શહેરના આજી નદીના કાંઠે છઠ્ઠ માતાનું પૂજા અર્ચન કરી છઠ્ઠ વૃતિઓએ અસ્ત થતાં સૂર્યને અંજલી આપી હતી. આ સાથે છઠ્ઠ મહા પર્વનું સમાપન થયું હતું. ઉલ્લેખનિય છે કે શાસ્ત્રોના જણાવ્યા પ્રમાણે છઠ્ઠ માતા સંતાનની રક્ષા કરનારી દેવી તરીકે પૂજાય છે. તેમજ શાસ્ત્ર અનુસાર તે સૂર્ય નારાયણની બહેન તરીકે પણ ઓળખાય છે.

દિવાળીના છ દિવસ પછી આજે કારતક સુદ-૬ના દિવસે સૌરાષ્ટ્ર સહિત ગુજરાતમાં વસતા લાખો પરપ્રાંતીય પરિવારો દ્વારા ઉત્સાહભેર પરંપરાગત રીતે છઠ પૂજાનો ઉત્સવ મનાવવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં જળાશય પાસે ઉમટી પડીને પ્રાચીન પરંપરા મૂજબ ઉગતા અને આથમતા સૂર્યદેવને અર્ધ્ય આપીને પરિવાર,સંતાનોના સુખ-સમૃધ્ધિની પ્રાર્થના કરી હતી. છઠ પૂજા એ ખાસ કરીને બિહાર તેમજ ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ વગેરે રાજ્યોમાં ખૂબ મહત્વનો તહેવાર મનાય છે. કહે છે કે ત્રેતાયુગમાં સીતાજી અને દ્વાપરયુગમાં દ્રોપદીજીના સમયમાં પણ છઠ પૂજા થતી હતી. પરપ્રાંતીય રાજ્યોમાં કડવા ચોથનું પર્વ પણ પરિવારની સુખ-સમૃધ્ધિ-સ્વાસ્થ્ય માટે ઉજવાય છે અને તેમાં ચંદ્રદેવના દર્શન અને પૂજન થાય છે ત્યારે છઠ પૂજામાં સૂર્યદેવની પુજા થાય છે. આમ આ બન્ને તહેવારો પ્રકૃતિ સાથે જોડાયેલા છે.

રાજકોટમાં પરપ્રાંતીય વસાહતમાં સુશોભન કરાયા હતા. મહિલાઓ સહિત લોકો સજીધજીને આજી ડેમ ખાતે આ પર્વ ઉજવવા મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. જાણે ગંગાઘાટ ઉપર ગંગા આરતી સમયે લોકો એકત્ર થયા હોય તેવું દ્રશ્ય તાદ્દશ થયું હતું. આ વખતે પ્રથમવાર ફાયરબ્રિગેડ દ્વારા આજી ડેમમાં રેસ્ક્યુ બોટ સહિત બચાવ ટીમો તૈનાત કરી હતી. પરપ્રાંતીય પરિવારોએ વાંસની ટોકરી, ફળ,ફૂલ, નારિયેળ, પ્રસાદ વગેરે સાથે ખૂબ ઉત્સાહ અને શ્રધ્ધા સાથે સૂર્યદેવને અર્ધ્ય આપ્યું હતું.

## પરિક્રમા મેળો: વેરાવળ-ગાંધીગ્રામ અને રાજકોટ-જૂનાગઢ વચ્ચે દોડશે સ્પેશિયલ ટ્રેન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જૂનાગઢમાં પરિક્રમા મેળા દરમિયાન મુસાફરોના ધસારાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ મુસાફરોની સુવિધા માટે વેરાવળ-ગાંધીગ્રામ અને રાજકોટ-જૂનાગઢ સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. આ ટ્રેનોનું વિગતવાર વર્ણન નીચે મુજબ છે.

૧) વેરાવળ-ગાંધીગ્રામ સ્પેશિયલ ટ્રેન

ટ્રેન નંબર ૦૯૫૫૬ વેરાવળ-ગાંધીગ્રામ વિશેષ ટ્રેન વેરાવળથી ૨૧.૨૦ ક્લાકે ઉપડી બીજા દિવસે સવારે ૮.૦૦ કલાકે ગાંધીગ્રામ પહોંચશે. આ ટ્રેન માળીયા હાટીના, કેશોદ, જૂનાગઢ, જેતલસર, વિરપુર, ગોંડલ, ભક્તિનગર, રાજકોટ, વાંકાનેર, થાન, સુરેન્દ્રનગર જંકશન, બોટાદ, ધંધુકા, ધોળકા, બાવળા અને સરખેજ સ્ટેશન પર ઉભી રહેશે. આ ટ્રેનમાં સ્લીપર અને જનરલ કોચ હશે. આ ટ્રેનના જનરલ કોચ અને જકછઉ કોચ અનરિઝર્વ્ડ હશે, જેની ટિકિટ ઞઝજકાઉન્ટર પરથી મળશે અને આ કોચમાં સુપરફાસ્ટ મેલ/એક્સપ્રેસનું ભાડું વસૂલવામાં આવશે. આ ટ્રેન ઉપરોક્ત સમય મુજબ દરરોજ ૦૮.૧૧.૨૦૨૪ થી ૧૮.૧૧.૨૦૨૪ સુધી ચાલશે. ટ્રેન નંબર ૦૯૫૫૫ ગાંધીગ્રામ-વેરાવળ વિશેષ ટ્રેન ગાંધીગ્રામથી સવારે ૧૦.૧૦ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે સાંજે ૧૭.૪૦ વાગ્યે વેરાવળ પહોંચશે. આ ટ્રેન રૂટમાં સરખેજ, બાવળા, ધોળકા, ધંધુકા, બોટાદ, ધોળા, ધસા, લાઠી, ચિતલ, વડીયા દેવળી, જેતલસર, જૂનાગઢ, કેશોદ અને માળીયા હાટીના સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં સ્લીપર અને જનરલ કોચ હશે. આ ટ્રેનમાં સ્લીપર અને જનરલ કોચ પણ હશે. આ ટ્રેનના જનરલ કોચ અનરિઝર્વ્ડ હશે, જેની ટિકિટ ઞઝજકાઉન્ટર પરથી મળશે અને આ કોચમાં સુપરફાસ્ટ મેલ/એક્સપ્રેસનું ભાડું વસૂલવામાં આવશે. આ ટ્રેન ઉપરોક્ત સમય મુજબ દરરોજ ૦૯.૧૧.૨૦૨૪ થી ૧૯.૧૧.૨૦૨૪ સુધી ચાલશે.

૨) રાજકોટ-જૂનાગઢ સ્પેશિયલ ટ્રેન

ટ્રેન નંબર ૦૯૫૭૯ રાજકોટ-જૂનાગઢ સ્પેશિયલ ટ્રેન રાજકોટ સ્ટેશનથી સવારે ૧૦.૫૫ કલાકે ઉપડશે અને બપોરે ૧૩.૦૦ કલાકે જૂનાગઢ પહોંચશે. એ જ રીતે, બદલામાં, ટ્રેન નંબર ૦૯૫૮૦ જૂનાગઢ-રાજકોટ સ્પેશિયલ ટ્રેન જૂનાગઢથી ૧૩.૪૦ કલાકે ઉપડશે અને ૧૭.૦૫ કલાકે રાજકોટ પહોંચશે. ઉપરોક્ત બંને ટ્રેનો બંને દિશામાં ભક્તિનગર, ગોંડલ, ગોમટા, વીરપુર, નવાગઢ, જેતલસર અને વડાલ સ્ટેશન પર ઉભી રહેશે. નોંધનીય છે કે ઉપરોક્ત બંને ટ્રેનો સંપૂર્ણપણે અનરિઝર્વ્ડ ટ્રેનો તરીકે દોડશે. ઉપરોક્ત બંને ટ્રેનો તેમના નિર્ધારિત સમય મુજબ ૦૮.૧૧.૨૦૨૪ થી ૧૮.૧૧.૨૦૨૪ સુધી દરરોજ દોડશે.



ટ્રેન નંબર ૦૯૫૫૬ અને ૦૯૫૫૫ માટે ટિકિટ બુકિંગ ૦૮.૧૧.૨૦૨૪ (શુક્રવાર) થી પેસેન્જર રિઝર્વેશન કેન્દ્રો અને ઈંછઈઝઈ વેબસાઈટ પર ખુલશે. આ ટ્રેનોના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને વેબસાઈટ .યક્ષીશુ.શિક્ષમશફક્ષફિશહ.લજ્ઞદ.શક્ષ ની મુલાકાત લઈ શકે છે.

## કટારીયા ચોકડીએ ઓવર-અંડરબ્રીજ માટે અધધ ૧૧ ટેન્ડર આવ્યા : મુદ્દત વધારવી પડશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરનો વ્યાપ અને વસ્તી વધતા રોડ રસ્તાઓ સાંકળા થવા લાગ્યા છે. તેવી જ રીતે છેવાડાના વિસ્તારોનો પણ વિકાસ થતાં મુખ્યમાર્ગો ઉપર ટ્રાફિક સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુંછે. જેમાં ખાસ કરીને રાજકોટ શહેરમાં પ્રવેશવાના મુખ્યમાર્ગોના સર્કલો ઉપર બ્રીજ બનાવવાની જરૂરિયાતો વધવા લાગતા કાલાવડ રોડ ઉપર આવેલ કટારિયા સર્કલ ઉપર બ્રીજ બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવે જેમાં આજ સુધીમાં ૧૧ એજન્સીએ ટેન્ડર ભર્યા છે. આથી અત્યાર સુધીના કોઈ પણ બ્રીજ માટેઆવેલા સૌથી વધુ ટેન્ડર આ બ્રીજ માટેઆવ્યા હોવાનું જાણવા મળ્યું છે. તેમજ એજન્સીઓએ પણ અનેક પ્રકારની ક્વેરીઓ કાઢતા ટેન્ડરની મુદત લંબાવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરના મુખ્ય પ્રવેશ માર્ગ કાલાવડ રોડ ઉપર બહારગામથી આવતા ટ્રાફિકના નિયમન માટે કટારિયા સર્કલ ખાતે ઓવરબ્રીજ બનાવવાનો નિર્ણય લઈ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ હતી.



નવા રીંગ રોડ અને કાલાવડ રોડના વચ્ચે આવતા કટારિયા સર્કલ ઉપર અવાર નવાર ટ્રાફિક સમસ્યા સર્જાતી હોય બ્રીજ બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ હતી. કરોડો રૂપિયાના મોટા પ્રોજેક્ટોમાં અમુક એજન્સીઓ જ હાથ નાખતી હોય છે. પરંતુ આ વખતે કટારિયા ચોકડી ઓવરબ્રીજ માટે મનપાએ ટેન્ડર પ્રસિધ્ધ કરેલ જેની મુદત પૂર્ણ થતાં ૧૧ એજન્સીએ ટેન્ડર ભર્યા હોવાનું જાણવા મળેલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# શહેરમાં જુગાર રમતા ૮ શખ્સો અને દેશી દારૂના બે બુટલેગરો પોલીસની ઝપટે ચડ્યા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં દિવાળીના તહેવારો બાદ દેશી દારૂ ના હાટડા અને જુગાર ધમ ધમી રહ્યા ની બાદ મીના આધારે ઉનાનિવારણ શાખા ના પીએસઆઈ પીબી ત્રચીયા તથા એએસઆઈ મયુરભાઈ તથા સંતોષભાઈ તથા મહિપાલસિંહ સહિતનો સ્ટાફ શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે જય નગર મફતિયાપરામાં જુગાર રમતો સાગર દીપક કાલીયા ધર્મેન્દ્રસિંહ લાલુભા સરવૈયા રજનીકાંત મનોજ સીમેજિયા પ્રકાશ રમેશ પજાદીયા નિતીન હિંમત ગોહિલ અર્જુનસિંહ હુકુમતસિંહ ઝાલા હિરેન ગોપાલ તાડા અને નરેન્દ્ર જીવરાજ વઘાસિયા સહિત ૮ શખ્સોને જુગાર રમતા ઝડપી લઈ રોકડા રૂપિયા ૩૯,૧૦૦ નો મુદ્દામાં કબજે કરી વધુ તપાસ કરી હતી. અત્યારે અન્ય બરોડામાં મંડળ ડુંગર પાસે પીઠડ આઈ સોસાયટી શેરી નંબર એકમાં સંજય કરમશી ડાભી ને ૯૦ હ દેશી દારૂ કિંમત રૂપિયા ૧૮૦૦૦ ના મુદ્દા માલ સાથે તપોચી લીધો હતો જ્યારે રૂખડીયા મફતીયા પરામાં રહેતી મનીષા બા ભરતસિંહ સિસોદિયા નામની મહિલા બુટલેગરને ૮ હ ₹૧,૬૦૦ નો દેશી દારૂ સાથે ઝડપી લેવામાં આવી હતી જ્યારે વિવેકાનંદ નગર મેઈન રોડ પર રહેતો અનીશ યુનુસ સાતબાર નામના સક્સને રૂપિયા ૫૦૦૦ ની કિંમત ના મોબાઈલ સાથે દબોચી લઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ચંદ્રેશનગરમાં પ્રેમ પ્રકરણ બાબતે યુવાનની હત્યાઃ આરોપી સંકજામાં

## રીસામણે ગયેલી પત્ની સાથે પ્રેમ સંબંધ હોય અને સાચવતો હોવાની શંકાએ યુવાનનું બે શખ્સોએ ઢીમ ઢાળી દીધુ




**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં વધુ એક હત્યાની ઘટના સામે આવી છે.જેમાં માલવિયા નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ચંદ્રેશનગર શેરી નંબર-૨માં પતુ મારી ઘરવાળીને સાચવે છો કહી બે મિત્રોએ યુવકને છરી અને પાઈપ વડે માર મારી તેનું ઢીમ ઢાળી દીધું હતું. જ્યારે આ મામલે માલવિયા પોલીસ દ્વારા ગણતરીની કલાકોમાં જ હત્યારાઓની અટકાયત કરવામાં આવી છે. વિગત મુજબ શહેરમાં મવડી વિસ્તારમાં આવેલા ચામુંડા નગર શેરી નંબર-૩માં રહેતા અને મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચાલવતા કમલેશ વિનોદ રાઠોડ (ઉ.વ.૨૪) યુવક ગઈકાલે બપોરના સમયે ચંદ્રેશનગર શેરી નંબર-૨માં તેના મિત્ર નિલેશ ગોહેલના ઘર પાસે હતો ત્યારે નિલેશ અને તેની સાથેના આશિષે પોતાની પત્ની સાથે આડસબંધ હોવાની શંકા કરીને ઝગડો કરીને કમલેશને પાઈપ અને છરી વડે માર માર્યો હતો. જેમાં કમલેશને ગંભીર ઈજા પહોંચતા તે બેભના થઈ ઢળી પડયો હતો. જેથી તેને ૧૦૮ મારફત સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.જ્યાં તેનું એક કલાકની સારવાર દરમ્યાન મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો.બનાવની જાણ થતા માલવિયા પોલીસનો સ્ટાફ હોસ્પિટલ દોડી આવ્યો હતો. વધુ વિગતો આપતા પોલીસે જણાવ્યું હતું કે, કેમલેશ અને આરોપી નિલેશ થતા આશિપ ત્રણેય મિત્રો છે. અને નિલેશની પત્ની થોડા સમય પૂર્વે રિસામણે જતી રહી છે. કમલેશને નિલેશની પત્ની સાથે આડસબંધ છે તેવી શંકા મૃતકના ભાઈનું સાત મહિના પહેલાં જ અકસ્માતમાં મોત થયુંથતું કરીને નિલેશ અવારનવાર ઝગડો કરતો હતો. આ ભાબતે ગઈકાલે તેઓ વચ્ચે ઝગડો થયો હતો. જેથી આ ઘટનાની નિલેશના માતા દ્વારા જ પોલીસને જાણ કરવામાં આવી હતી.હાલ આ મામલે પોલીસે નિલેશ અને આશિષ સામે ગુનો નોંધી તેઓને સકંજામાં લીધા છે.

ચંદ્રેશનગર શેરી નં.૨માં કમલેશ રાઠોડ નામના ૨૪ વર્ષીય યુવાનની હત્યા થયા બાદ આખો પરિવાર વિખેરાઈ જવા પામ્યો હતો. મૃતક કમલેશના ભાઈનું સાત મહિના પહેલાં ચંદ્રેશનગરમાં જ લીમડા સાથે બાઈક અથડાતાં ગંભીર અકસ્માત થયો હતો. જેથી તેને સારવારમાં ખસેડાતા તેનું મોત થયું હતું. ત્યારબાદ પરિવારના આધારસ્તંભ સમાન કમલેશની તેના મિત્રો દ્વારા જ સ્ત્રી પાત્રની શંકાએ કરપીણ હત્યા કરી નાખવામાં આવી હતી. જેથી બન્ને ભાઈઓ મોતને ભેટી ગયા હતા. બન્ને સંતાનોના અકાળે મૃત્યુને કારણે માતા-પિતા રીતસરના ભાંગી પડયા હતા.

# સિંહોના રહેઠાણને પ્લાસ્ટિક મુકત રાખવા 300 ટીમ

## ૧૨ નવેમ્બરથી લીલી પરિક્રમા શરૂ થશે : ૧૫ લાખ લોકો આ પરિક્રમામાં જોડાવાની અપેક્ષા : પરિક્રમામાં પ્લાસ્ટિક પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર,રાજકોટ**


ગિરનારમાં પ્લાસ્ટિક કચરાને લઈને ગુજરાત હાઈકોર્ટે ટીકા કરી છે. હાઈકોર્ટે જૂનાગઢ જિલ્લા વહીવટીતંત્રને ૧૨ નવેમ્બરથી શરૂ થનારી વાર્ષિક ત્રણ દિવસીય લીલી પરિક્રમા દરમિયાન એશિયાટિક સિંહોનાં રહેઠાણને આ હાનિકારક કચરાથી મુક્ત રાખવાનું એક વિશાળ કાર્ય સોંપ્યું છે.

વન વિભાગની ૩૦૦ સભ્યોની ખાસ રચાયેલી ટુકડી આ અભયારણ્ય વિસ્તારથી બોટલો, પેકેજ્ડ નાસ્તો અને થેલીઓ દૂર કરશે. જો કે , સૌથી મોટો પડકાર માવાનો છે , જેનાં રેપર રમણીય જંગલને તબાહ કરે છે. ભારતની મોઢાંના કેન્સરની રાજધાની ગુજરાતમાં હાથની ગડગડાટ કરતો માવો બધી જગ્યાએ જોવા મળે છે.

અધિકારીઓનો ડર ખોટો નથી. ડિસેમ્બર ૨૦૨૩ ની લીલી પરિક્રમામાં , ચાર દિવસમાં ૩૬ -કિમીના રૂટ પરથી સાફ કરવામાં આવેલાં ૫૦ ટન કચરોમાંથી લગભગ ૪૦ ટકા માવાના રેપર અને ગુટખાના પાઉચ હતાં.

૧૧ માર્ચથી ૩૦ સપ્ટેમ્બર સુધીમાં, જૂનાગઢ અને ભેસાણના તાલુકા વહીવટીતંત્ર, જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન અને વન વિભાગ સહિતની વિવિધ એજન્સીઓએ રૂ. ૨.૨૭ લાખનો દંડ વસૂલ્યો હતો અને ગિરનાર ઈકો-સેન્સિટિવ ઝોનમાંથી ૩૨૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક સાફ કર્યું હતું.

યાત્રાળુઓ સામાન્ય રીતે સત્તાવાર ઉદઘાટનના બે દિવસ પહેલાં પહોંચે છે, જે વન વિભાગને વહેલાં પ્રવેશ આપવા માટે દબાણ કરે છે. આ ટુકડી પરિક્રમા વિસ્તારની દેખરેખ રાખશે, જ્યારે પોલીસ અને અન્ય ફોરેસ્ટ




ટીમો સંયુક્ત રીતે ચાર એન્ટ્રી પોઈન્ટ પર યાત્રાળુઓની તપાસ કરશે.

સામાજિક અને ધાર્મિક સંગઠનો દ્વારા સ્થાપિત ૯૦ થી વધુ અસ્થાયી અન્ના ક્ષેત્રોને પણ પ્લાસ્ટિકનાં ઉપયોગ માટે કડક કાર્યવાહીની ચેતવણી આપવામાં આવી છે. સ્ક્વોડ મોનિટર આ કેન્દ્રો અને પાણી અને નાળિયેર પાણી વેચતાં વિક્રેતાઓ પર દેખરેખ રાખશે લોકોને પરિક્રમા દરમિયાન પ્લાસ્ટિક ન લાવવાની અપીલ કરતાં ધર્મગુરુઓ અને સેલિબ્રિટીઓના વીડિયો મેસેજ પણ સોશિયલ મીડિયા પર ફરતાં કરવામાં આવશે. ફેબ્રુઆરીની શરૂઆતમાં, હાઈકોર્ટે ગિરનારનાં વિસ્તારમાં પ્લાસ્ટિક પ્રતિબંધના અમલીકરણ અંગેનાં પ્રશ્નો અંગે મૌન રહેવા બદલ જૂનાગઢ કલેકટરની ઝાટકણી કાઢી હતી.

# એઈમ્સના મુખ્ય ડાયરેક્ટરનું રાજીનામુઃ જોધપુર ડાયરેક્ટરને ચાર્જ સોપાયો

## ફેબ્રુઆરીમાં લોકાર્પણ થયાના ૯ મહિનામાં જ વિવાદની ભરમાર જાતિય સતામણી, ભરતી વિવાદ કારણભૂત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

તાજેતરમાં રાજકોટ એઈમ્સના ડાયરેકટર અને કર્નલ ડો. સી.ડી. એસ. કટોચ તથા અન્ય ૩ સામે એઈમ્સના એક મહિલા ડોકટરે રાજકોટ કલેકટર સમક્ષ તથા પોલીસમાં હેરાનગતિ અંગે ફરીયાદો કરતા ભારે વિવાદ સજાર્યો હતો. આ દરમિયાન ડાયરેકટર કટોચે ૨ મહિના પહેલા ડાયરેકટર પદેથી રાજીનામુ આપ્યુની ચર્ચા છે અને જે મંજુર નહી થતા હાલ તેઓ રજા ઉપર ઉતરી ગયા છે. તેમનો ચાર્જ જોધપૂર એઈમ્સના ડાયરેકટર ગોવર્ધન દતપૂરીને સોંપાયો છે.તેઓ ગત રવીવારે આવ્યા હતા પરંતુ ફરી દિવાળીની રજા ઉપર અને જોધપુર એઈમ્સની કામગીરી સંભાળતા હોય તેઓ પરત ચાલ્યા ગયા છે. રાજકોટ એઈમ્સમાં હાલ


કર્નલ ડો. સી.ડી.એસ. કટોચે




ડો.ગોવર્ધન દત પુરી

૪ મહત્વની જગ્યા ખાલી છે. જેમાં પ્રમુખપદની જગ્યા ખાલી છે, આ ઉપરાંત ડે. ડાયરેકટર તરીકે અરોરા હતા, તેઓ ફરી આર્મીમાં જતા રહ્યા અને તેઓ હાલ રીટાયર્ડ થઈ ગયા એટલે તે જગ્યા ખાલી છે. અરોરાનો ચાર્જ રાજકોટ એઈમ્સના ડો. કુલદિપને સોંપાયો છે. આ ઉપરાંત રાજકોટ એઈમ્સના એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર જયદિપસિંહ વાળા પણ જતા રહ્યા છે. રાજકોટ એઈમ્સ પ્રમુખ વગર એક વર્ષથી ચાલી રહી છે. ભૂતપૂર્વ સાંસદ ડો. વલ્લભભાઈ કથિરીયાએ ઓગસ્ટ-૨૦૨૩માં પ્રમુખ પદેથી રાજીનામું આપ્યુ હતું.

રાજકોટ એઈમ્સમાં પબ્લીક રીલેશન ઓફીસર (ઙછઘ) તરીકે હાલ ડો. ઉત્સવ પારેખને ચાર્જ સોંપાયો છે. અત્રે એ નોંધનીય છે કે રાજકોટ ઍઈમ્સમાં ૪ મહત્વની જગ્યા ખાલી હોય વિકાસને તથા દર્દીઓ બાબતે થોડી બ્રેક લાગી હોવાનું ત્યાંના ડોકટરો ઉમેરી રહ્યા છે. ડોકટર લોબીમાં ભારે ચર્ચા છે, કેન્દ્ર સરકાર તાકિદે આ બાબતે યોગ્ય કરે તે જરૂરી બન્યું છે. આ બાબતે AIIMSડાયરેકટર ડો. સી. ડી. એસ. કચોટનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ, તેમનો ફોન સતત બિઝી આવી રહ્યો હતો. ગુજરાતની એકમાત્ર AIIMS શરૂઆતના સમયગાળાથી જ સતત વિવાદોમાં આવતી રહી છે. સૌપ્રથમ વલ્લભ કથીરીયાએ પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું હતું.

ત્યારબાદ તાજેતરમાં જ એઈમ્સના ડાયરેક્ટર સહિતના સામે મહિલા ડોક્ટરે હેરાનગતિની ફરિયાદ નોંધાવી હતી ત્યારે હવે ખુદ ડાયરેક્ટરે જ રાજીનામું આપી દીધાની ચર્ચાથી વિવાદ વધુ વકર્યો છે.

# બેંકના નિવૃત કર્મચારી સાથે રૂા.૫૬ લાખની ઓનલાઈન ઠગાઈ

## મની લોન્ડરીંગમાં તમારા ખાતાનો ઉપયોગ થયો છેઃ મુંબઈમાં ફરિયાદ થઈ છે કહી નાણા ટ્રાન્સફર કરાવ્યાઃ સાયબરમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં નિવૃત બેંક મેનેજરને ડિજિટલ એરેસ્ટ કરી લાખો રૂપિયા પડાવનાર ગેંગના છ શખ્સોને રાજકોટ સાયબર ક્રાઈમની ટીમે દબોચી લીધાં હતાં. મનીલોન્ડરિંગના રૂપીયા તમારા એકાઉન્ટમાં ટ્રાન્સફર થયેલ છે કહીં ચાર દિવસ વૃદ્ધને પોતાના ઘરમાં જ એરેસ્ટ કરી લાખો રૂપિયા પડાવી લીધાં હતા. સાયબર ક્રાઈમની ટીમે રાજ્યભરમાં દરોડા પાડી જે એકાઉન્ટમાંમાં રૂપીયા ટ્રાન્સફર થયા તે બનાસકાંઠાના ૩, અમદાવાદના ૧, જૂનાગઢના ૨ શખ્સને ઉઠાવી લીધાં હતાં.

બનાવ અંગે રાજકોટમાં હસન વાડી શેરી નં.૨, પેલી બંધ શેરી, કેશર મંડપ સવીસ ચોક્ની પાસે રહેતાં મહેન્દ્રભાઈ અંદરજીભાઈ મહેતા (ઉ.વ.૭૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મો.નં. ૮૯૪૫૩૯૨૮૬૨, ૮૧૪૯૩૮૫૯૦૧ ના ધારક અને અલગ અલગ બેંક એકાઉન્ટના ધારકના નામ આપતાં સાયબર ક્રાઈમ પોલીસે બીએનએસ એક્ટ ૩૦૮(૨), ૩૫૧(૨),૩૧૯(૧) સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ પંજાબ નેશનલ બેંક સુરતમાં મેનેજર તરીકે નોકરી કરતાં હતાં અને હાલ તેઓ નિવૃત જીવન ગાળે છે. ગઈ તા.૧૧/૦૭/ ૨૦૨૪ ના તેઓ પત્ની સાથે હોસ્પીટલ પર હતાં ત્યારે સવારના સમયે કોઈ અજાણ્યા નંબરથી ફોન આવેલ જે શખ્સ હીન્દીમાં વાત કરતો હતો. તેને કહેલ કે, હું પોલીસ ઈન્સપેક્ટર બોલું છું, તમારા વિરૂધ્ધ તીલક નગર પોલીસ સ્ટેશન મુંબઈમાં એફ.આઈ.આર. દાખલ થયેલ છે. વધુ માહીતી માટે અમારા વિનાયક સર મોબાઈલ નં ૮૯૪૫૩૯૨૮૬૨ પર કોલ કરી માહીતી લેવા જણાવેલ હતું.

ત્યારબાદ તે મોબાઈલ નંબર પર કોલ કરતા કોલ લાગેલ નહી. થોડીવારમાં મો. નં ૮૧ ૪૯૩૮૫૯૦૧ પરથી વોટ્સએપ કોલ આવેલ હતો. તે શખ્સ હતા હીન્દીમા વાત કરતો હતો અને કહેલ કે, તમારા આધાર કાર્ડ પર કેનરા બેંકમા એકાઉન્ટ ખુલેલ છે જેમા એકાઉન્ટની ઓપનીંગ બેલેંસ રૂ.૨.૫ કરોડ છે. તમારા આ બેંક એકાઉન્ટમાં મોટા ફ્રોડ તેમજ મની લોન્ડરીંગમાં ઉપયોગ થયેલ છે. જેથી તમારૂ એરેસ્ટ વોરંટ કાઢવામા આવેલ છે અને નરેશ ગોયેલ નામના વ્યક્તીએ કુલ ૨૪૭ વ્યક્તીઓ સાથે ફ્રોડ કરેલ છે અને તેમા તેઓ પણ ફ્રોડમાં સંડોવાયેલ છે તેમ કહેલ હતુ.

ત્યારબાદ તે અજાણ્યાં શખ્સે દર બે કલાકે વોટસએપમાં કોલ કરી રિપોર્ટ કરવાનુ કહેતો હતો.તેમજ સવાર-બપોર-સાંજ ફોટો પાડી તેના વોટ્સએપમા મોકલવાનું કહેતો તે મુજબતેઓ ફોટા પાડી મોકલતા હતાં. તેમજ આરોપીઓએ વોટસએપમાં સેબીનો એન્ટ્રી મની લોન્ડરીંગ બાબતનો લેટર તથા ડાઈરેક્ટરેટ ઓફ એનફોર્સમેંટ, આર.બી.આઈ. તેમજ કેનરા બેંકનુ તેમના નામ વાળુ એટીએમ કાર્ડ, કેનરા બેંકનું તેમના નામ વાળુ બેંક સ્ટેટમેંટ વગેરે ડોક્યુમેંટ વોટસએપ મારફતે મોકલતો હતો.

ઉપરાંત ફરિયાદીના રોકાણ બાબતની માહીતી તથા સ્ટોકમાર્કેટમા કરેલ ઈન્વેસ્ટમેંટ બાબતની તમામ માહીતી આરોપી માંગતા તેને માહિતી આપી દીધેલ હતી. ત્યારબાદ ફરિયાદીની તમામ મિલકત, તેમના તમામ બેંક એકાઉન્ટમા પડેલ નાણા તેમજ મ્યુચ્યુલ ફંડના પૈસા ટ્રાન્સફર કરવાનું જણાવેલ હતુ .તેમજ અજાણ્યા શખ્સે કહેલ કે, તમારા પાસે રહેલ તમામ નાણા




મનીલોન્ડરિંગના છે કે નહી તે બાબતે ક્રોસ વેરીફીકેશન માટે નાણા ટ્રાંસફર કરવા કહેલ.તેને આપેલ બેંક એકાઉન્ટ નંબરો પર કુલ રૂ.૫૬ લાખ ટ્રાન્સફર કરેલ હતાં. જે બાદ તે શખ્સે કહેલ કે, તમારા નાણા તમને ત્રણ દીવસ પછીઓડીટ વેરીફીકેશન કરી પરત આપી દેવામાં આવશે. ત્યાર બાદ છ દીવસ સુધી કોઈ જવાબ ન મળતા તે અજાણ્યાં શખ્સોનો સંપર્ક કરતાં કોઈ કોન્ટેક્ટ થયેલ નહી જેથી બનાવ અંગે તેઓએ તેના પૌત્ર દિપ મહેતાને વાત કરતાં તેમના કહેલ કે, તમારી સાથે ફ્રોડ થયેલ છે. જેથી સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર પર અરજી કરી હતી. બાદમાં બનાવ અંગે રાજકોટ સાયબર ક્રાઈમની ટીમે ગુનો નોંધી ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ભરત બસિયાની રાહબરીમાં પીઆઈ મહેન્દ્ર ઝનકાંત, બી.બી.જાડેજાએ ચાર અલગ અલગ ટીમો બનાવી બનાસકાંઠા, સુરત, જૂનાગઢ અને અમદાવાદ તપાસમાં મોકલી હતી. જે તપાસમાં ફ્રોડમાં ગયેલ રકમ જેમના એકાઉન્ટમાં ગયેલ છે તે શખ્સોની ધરપકડ કરી હતી. જેમાં બનાસકાંઠાથી ૩, જૂનાગઢથી ૨ અને અમદાવાદથી ૧ શખ્સને દબોચી લઈ પૂછતાછ હાથ ધરી હતી. જો કે, તપાસમાં ફ્રોડ કંબોડીયાથી થયાનુ પણ સામે આવ્યું હતું. જેમાં પ્રથમ ટ્રાન્જેકસન ઓડીસા અને બીજું ટ્રાન્જેકસન મુંબઈ થયાનું પણ ખુલ્યું હતું.

# નવા રિંગ રોડ પર બાઈકમાં સ્ટંટ કરવાનું ત્રિપુટીને ભારે પડ્યું

## વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા પોલીસે ગુનો નોંધી ધરપકડ કરતા ત્રણેએ માફી માંગી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ ઉપરાંત અન્ય સ્થળોએ પણ સરાજાહેર રોડ ઉપર વાહનોથી સ્ટંટ કરવા તેમજ રોડ ઉપર જ બર્થ ડે ઉજવવા અને ફટાકડા ફોડવાના વીડિયો અવારનવાર વાયરલ થાય છે. તાજેતરમાં દિવાળીના તહેવારમાં નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ ઉપર બાઈક પર સ્ટંટ કરી પ્રતિબંધ હોવા છતાં જાહેર રોડ ઉપર ફટાકડા ફોડતા શખ્સોનો વીડિયો વાયરલ થયો હતો. રેસીંગ ટ્રેક હોય તેમ રોડ પર વાહનો ચલાવતા આ શખ્સોનો વીડિયો વાયરલ થયા બાદ જાગેલી પોલીસે આ અંગે ત્રણ શખ્સો સામે ગુનો નોંધયો છે.




જેની સામે ગુનો દાખલ થયો છે તેમાં વિજય મગન મકવાણા, અજીત વિજય કાણોતરા અને ગુલામ હસન અમજદ પઠાણનો સમાવેશ થાય છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર અટલ સરોવર પાસે અમુક શખ્સો જાહેર રોડ ઉપર રેસીંગ ટ્રેક હોય તેમ બાઈક સ્ટંટ કરતા હોવાનું અને રોડ ઉપર ફટાકડા ફટતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.જેને લઈ ગાંધીગ્રામ-૨ પોલીસના સ્ટાફે તપાસ કરતાં વિજય મકવાણા, અજીત કાણોતરા અને ગુલામહસન પઠાણ બાઈક પર સ્ટંટ કરી આડેધડ ફટાકડા ફોડયા હોવાનું જાણવા મળતા પોલીસે ત્રણેયની ધરપકડ કરી હતી. ત્રણેય શખ્સોને પકડતા અટકાયત કરાયેલા શખ્સોએ અમારી ભૂલ થઈ છે અને તમે લોકો પણ આવી ભૂલ ન કરતા કહી માફી માંગી હતી.

# નોકરી વાચ્છુકો સાથે ૧૦ લાખની ઠગાઈ કરનાર આર્મીના નકલી કેપ્ટનના ઘરની પોલીસે તપાસ શરૂ કરી

## બેંક ખાતામાં પિતા-ભાઈને ૪૦ હજાર ટ્રાન્સફર કર્યાનું ખુલ્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રેલ્વેમાં લોકો પાયલોટની નોકરીની લાલચ આપીને જૂનાગઢ, કેશોદ અને માંગરોળમાં રહેતા છ વ્યક્તિ પાસેથી ૧૦ લાખ રૂપિયા પડાવી લેનાર આર્મીના નકલી કેપ્ટનની ધરપકડ પછી, પોલીસે તેના રિમાન્ડ દરમિયાન આજે તેના ઘરનું સર્ચ અને બેંક ખાતાની તપાસ કરી હતી.



ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ જણાવ્યું કે, કોડીનારના પીપળવા ગામનો પ્રવિણ ધીરુભાઈ સોલંકી નામના શખ્સને બી ડિવીઝન પોલીસે ગઈકાલે ધરપકડ કરીને કોર્ટમાં રજુ કરતા કોર્ટે તેના બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા, જે અંગે પોલીસે આર્મીના નકલી કેપ્ટન બનીને અનેકને છેતર્યા હોવાનું સામે આવ્યા પછી આજે પોલીસે તેના કોડીનાર ખાતેના ઘરમાં સર્ચ કર્યુ હતું.

અને બેંક ખાતાની ડીટેઈલ મેળવી હતી, જેમાં પ્રવીણે ગુગલ-પે થી તેના પિતાના ખાતામાં પાંચ હજાર અને ભાઈના એકાઉન્ટમાં ૩૫ હજાર મળીને ૪૦ હજાર ટ્રાન્સફર કર્યાનું સામે આવ્યું છે.

જે રકમ કેવી રીતે મળી તે અંગે વધુ પૂછતાછ માટે પ્રવીણના પિતા અને ભાઈને નોટીસ આપવામાં આવી છે. સાથે આ કેસમાં પ્રવીણનો એક મિત્ર જે કેશોદનો વતની છે, તેની પણ સંડોવણી હોવાનું સામે આવ્યું છે, જેથી પોલીસ દ્વારા આ મામલે કોડીનાર પછી કેશોદમાં પણ તપાસ કરીને વધુ માહિતી મેળવી રહી છે. આ કેસમાં પ્રવીણે પોતે સંસદ ભવનમાં નેશનલ સિક્યુરીટી એજન્સીમાં કામ કરતો હોવાનું જણાવેલ જેથી તેની ઉચ્ચ કક્ષાએથી પણ પૂછતાછ કરવામાં આવી હતી.

# કોઠારીયા સોલવન્ટએ પત્ની રિસામણે ચાલી જતાં પતિનો આપઘાત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરની ભાગોળે ગોંડલ હાઈવે પર -આવેલા કોઠારીયા સોલવન્ટમાં રહેતા અને ૭ મહિના પૂર્વેજ લગ્નના તાતણે બધાયેલા યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પત્ની રીસામણે ચાલી થતા લાગી આવવાથી આ પગલુ ભરી લેતા બે બહેનોના એકના એક ભાઈના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.



જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા સોલવન્ટ વિસ્તરમાં આવેલા ૨૫ વારીયા ક્વાર્ટરમાં રહેતા ચિરાગ - મનસુખભાઈ મકવાણા (ઉ.વ.૨૫) નામના યુવાને આજે સવારે પોતાના -ઘરે પંખામાં દોરડુ બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતા આજીડેમ પોલીસ મથકના સ્ટાફે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી

મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમા મૃતક ચિરાગ મકવાણા બે બેહનોને એકનો એક મોટોભાઈ હતો. તે કારખાનામાં કામ કરતો હતો. પરિવારજનોના જણાવ્યા મુજબ ચિરાગના લગ્ન સાત મહિના પૂર્વે જ કિષ્ના નામની યુવતી સાથે થયા હતા લગ્ન બાદ દંપતિ વચ્ચે ઘરકંકાસ થતા પત્ની ક્રિષ્ના બે મહિનાથી તેના માવતરે રિસમાણે ચાલી ગઈ હતી. પત્ની રિસામણેથી પરત આવતી ન હોવાથી લાગી આવતા ચિરાગે આ પગલું ભરી લીધાનું જણાવ્યુ હતુ બે બહેનોના એકના એક ભાઈના આપઘાતથી પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ જવા પામી હતી. આ અંગે આજીડેમ પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

# શાપરના યુવાનનું, ભગવતીપરાના પ્રૌઢનું હૃદયરોગના હુમલાથી મોત

શાપરની ગોલ્ડ કંપનીમાં ફરતો અને કંપનીના લેબર રૂમમાં રહેતો મૂળ ઝારખંડનો મોહમ્મદ તૈયબભાઈ અંસારી ઉ.વ.૨૬ નામનો યુવાન બે ભાન થતા સાથી કર્મીઓએ પ્રથમ ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા બાદ વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના તબીબે હાર્ટ એટેકથી મોત નિપજયું હોવાનું જાહેર કર્યુ હતું તેમજ દોઢસો ફુટ રીંગરોડ પર આવેલ એપલવિલા એપાર્ટમેન્ટમાં રહેતા કલ્પેશ જેન્તીભાઈ પરસાણા ઉ.વ.૩૨ને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ટુંકી સારવાર દરમ્યાન મોત નિપજયું હતું તથા ભગવતીપરામાં રહેતા અરવિંદભાઈ દેવજીભાઈ જોગેલા ઉ.૫૪ નામના પ્રૌઢને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના તબીબે તપાસી હૃદયરોગના હુમલાથી મોત નિપજયાનું જાહેર કરતા પરિવારમાં ગમગીની છવાઈ હતી. અને રામનાથપરામાં આવેલ નવયુગપરામાં રહેતા પ્રતાપભાઈ બાબુભાઈ ગોહેલ તથા લોધિકાના દેવગામમાં રહેતા રમેશ હીરજીભાઈ પાણખાણીચાએ સારવારમાં દમ તોડયો હતો.

# ન્યારા પાસે કારચાલકે એક્ટીવાને ઠોકરે લેતા પૂત્રનું મોત થયા બાદ માતાએ હોસ્પિટલના બિછાને દમ તોડ્યો

રાજકોટ જામનગર હાઈવે ઉપર ન્યારાના પાટિયા પાસે સોમવારે રાત્રે બેકાબૂ કારચાલકે એક્ટીવાને ઠોકર મારતા માતા-પિતાની નજર સામે જ આઠ વર્ષના બાળકનું મોત થયું હતું જ્યારે ઈજાગ્રસ્ત દંપતીને સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જેમાં ઘાયલ માતાનું પણ મોત થાય પરિવારમાં શોક વ્યાપી ગયો છે. રાજકોટ જામનગર હાઈવે ઉપર આવેલ ન્યારા ગામના પાટિયા પાસે ત્રણ દિવસ પૂર્વે રાત્રે કસ્માતનો બનાવ બન્યો હતો જેમાં એક્ટીવા લઈને જતાં મુળ વઢવાણના હને હાલ ન્યારા ગામ પાસે જ ફેક્ટરીના ક્વાટરમાં રહી સુપરવાઈઝર તરીકે કામ કરતા પ્રહલાદભાઈ સોંડાભાઈ લકુમ ઉ.૪૦, તેમના પત્ની પારૂલબેન ઉ.૩૪ અને પૂત્ર પ્રિન્સ ઉ.૮ ફીલ્મ જોઈ બહાર જમીને ઘરે જતા હતા ત્યારે પરિવારને કારચાલકે ઠોકર મારતા એક્ટીવામાં બેઠેલા દંપતી અને પુત્ર ફંગોળાઈ ગયા હતા જેમાં ગંભીર રીતે ઘવાયેલા બાળક પ્રીન્સ લકુંમનું મોત નિપજ્યું હતું જ્યારે તેના પિતાને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પૂત્રના મૃત્યુ બાદ જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા માતા પારૂલબેનનું પણ સારવાર દરમીયાન મોત થયુ હતુ ૧૨ વર્ષની દિકરીએ નાનો ભાઈ અને પછી માતાનુ છત્ર પણ ગુમાવતપિપતા - પુત્રી સહીતનો પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે બનાવ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.